ગુજરાતી પાંચમી ચોપડીના

કઠણ

શબ્દોના અર્થ.

આવૃત્તિ બીજી

છપાવી પ્રગટ કરનાર

એક વિદ્યાર્થી

મુંબઈ.

ઇમ્પીરિયલ પ્રેસમાં

મી. નવરોજજી ફરામજીએ છાપી.

સને ૧૮૭૦.

કિંમત ૩॥ આના

ગુજરાતી પાંચમી ચોપડીના

કઠણ શબ્દોના

અર્થ.

પાઠ ૧.

ખરૂં કામ કરવાની છાતી ચલાવનાર છોકરો ભાગ—૧.

છાતી ચલાવનાર = હિંમત કરનાર.

તોબરો=ઘોડાને જેમાં દાણા ખવાડે છે તે.

દફતર = જોસદાન, ચોપડી.

તોબરા જેવું = ફુલાયલું, ચીડાયલું, ચડેલું.

બડબડતો=લવલવ કરતો, બકબક કરતો, ગગણતો.

મિજાજ= સ્વભાવ, પ્રક્રતી, તોર.

સુપ=મુગો, બોલ્યા વગર.

ગુસ્સામાં = ક્રોધમાં, ચીઢમાં, રીસમાં.

ખમાય=વેઠાય, સંખાય, સોસાય.

નિશાળીઓ= વીદ્યાર્થી.

આર=લાકડાં વગેરેમાં બેસાડેલી લોખંડની સળી અથવા તે સળીની અણી તે.

દાખલો=હિસાબ.

સ્લેટ=પથ્થરપાટી.

વાજબી = બરાબર, ખરૂં.

ગેરવાજબી=બરાબર નહીં, ખોટું.

સમજણ = અક્કલ, સમજ, બુદ્ધી.

કારણ=મતલબ.

જવાબ=ઉત્તર.

પાઠ ૨.

ખરૂં કામ કરવાની છાતી ચલાવનાર છોકરો ભાગ ૨.

વાળુ=રાતે જમવું તે.

રોષ=ક્રોધ, ગુસ્સો.

મીઠા વચનથી=મધુર શબ્દથી.

લેહેમાં=લતમાં, ધ્યાનમાં, ચિત્તમાં.

વખતસર= બરોબર વખતે.

છેતર્યાં=ઠગ્યા.

ભુંડું=ખરાબ, બુરૂં, માઠું.

પાડ= ઉપકાર, આભાર.

વાંક=તકસીર, ગુનો.

ખાતરી=ખાતરનીશાં, સાબેતી.

પરીક્ષા=તપાસ.

ભૂલ=ચૂક.

હમેશાં=દરરોજ, સદા, નિત્ય.

પાઠ ૩.

ખરૂં કામ કરવાની છાતી ચલાવનાર છોકરો ભાગ ૩.

યત્ન=મેહેનત,કોશીશ,તજવીજ.
સુધારો=સમાર થવો તે.
હાંસી=મશ્કરી,ચેષ્ટા.
દુર્ગુણ=ખરાબ ગુણ, ખરાબ ટેવ.
ચાલ=રીતભાત, રેવાજ.
ગમતી=પસંદપડતી, સારી લાગતી.
ફાયદા= નફા, સારા સારૂં.
છૂટીની =રજાની,નવરાશની.
બનેછે=મળતું આવેછે.
ડાહ્યો=ચતુર,શાણો સભ્ય, દાનો.
ભોળો=કપટવગરનો
મશ્કરી=મજાક,ઠઠ્ઠો.
ખીજવતાં=ચીડવતાં નકલ કરતાં.
હેત=પ્યાર, માયા.
હિંમત= આય, શક્તિ,બળ,જોસ્સો.
ગુણ=ફાયદો.
કદાપિ= કવચિત,કદાચ, કદી.
કજીઓ=અણ બનાવ, બોલચાલ.
નાશપામે=જતારહે, લય પામે.

પાઠ ૪.

પક્ષી.

રૂવાં=ઝીણાવાળ.
બરડાની = પીઠની, વાંસાની.
કરોડ =વાંસાની વચમાંનું હાડકું.
અવતરેછે=પેદા થાયછે,જન્મેછે.
સેવેછે= ગરમ કરેછે, હુંફાળા કરેછે.
ગર=મરૂકે ફિવલ વગેરેમાં જે પોચો તાંતરો હોય છે તે.
શ્વાસ=દમ.
છિદ્રો=કાણાં, બાકાં.
ફેર=તફાવત,જુદાઇ.
અણીઆળી = અણીવાળું,નોકદાર ટોચવાળું.
નરમ=પોચી,કુમળી
લકડખોદ = લાકડું ખોદનારૂં પક્ષી.
ચિત્ર = ચિત્રામણ, છબી.

પાઠ ૫.

સિંધવ.

ડોળચી = ચામડાં અથવા ધાતુનો નાનો ડોળ.
સિંધવ=એકજાતનો ખાર.
ઝુમર=દીપવૃક્ષ,
અછત=તંગી, તાણ, ખુટકો, ભીડ.
ઉત્પન્નકરી=પેદાકરી
ખાણો = જમીનની અંદર ખોદેલા ખાડા જેમાંથી,લોડું, ત્રાંબું, સોનું, વગેરે ધાતુઓ કાઢેછે તે.
યુરોપ=એક ખંડનું નામછે.
પોલાંડ=યુરોપમાં એક દેશ છે.
ખાર=કુદરતી અથવા બનાવેલું મીઠું.
સુરંગ=પથ્થરમાં ખાડો ખોદી તેમાંદારૂ

ભરીને ફોડેછે તે.
ચોસલું= ચાકું, બંધાયલો કકડો.
કુહાડી=ઝાડ કાપવાનું અને લાકડાં ચીરવાનું લાકડાનાં હાથાવાળું જરા વાંકું એવું લોઢાનું હથિયાર.
હથોડા=સોની તથા લુહારના ટીપવાના હથિયાર.
ઓગાળીને=પીગળાવીને, ગાળીને.
એશિઆ=એક ખંડનું નામ છે.
સ્પેન=યુરોપખંડમાં એક દેશછે.
મૂર્તિઓ = પ્રતિમા, પુતળું.
રમકડાં = રમવાની ચીજો.
આફ્રિકા=એક ખંડનું નામછે.
દરિઆમાં=સમુદ્રમાં, સાગરમાં.
ફીકું=સ્વાદ વગરનું.
અથાણાં = આથેલાં કાચાં ફળો.
દુર્બળ=કમજોર, કૌવત વગરનું.

પાઠ ૬.

ઝાડની ટીશીઓ ભાગ—૧.

પાનખરરૂતુ=જે રૂતમાં પાંદડાં ખરી પડેછે તે.
પાંદડાં=પાંતરાં, પાન.
ખરી પડશે=કરમાઇને તુટી પડશે.
તપાસીને=ધ્યાન રાખીને.
ડાખલી=ઝાડની ડાળીયોમાંથી જે બીજી નાની ડાળીફુટે છે તે.
કુંપલ= અંકોર, ઝાડને નવું ફુટતું કુમળું પાંતરું.

પાઠ ૭.

ઝાડની ટીશીઓ ભાગ—૨.

જાળવેછે=સાચવેછે, સંભાળેછે.
હુંફ=ગરમી.
ધાબળી= હલકા ઉનનું વણેલું કપડું.
કળી=નઉઘરેલું ફુલ.
અસલ=પ્રથમ, આગાઉ, પેહેલાં.
ઓળખે=પારખે.
આકાર = આકૃતિ, ડોળ.
ખીલે=ઉઘડે, ફુલે.
સુંદર=સરસ.
વરસાદ=મેહે.
કરમાઇને=સુકાઇને.
જગત્કર્ત્તાએ= દુનીઆના બનાવનારે, ઇશ્વરે, પ્રભુએ.
જણસ=ચીજ, વસ્તુ, પદાર્થ.

પાઠ ૮.

સુરત—ભાગ—૧.

સબબ=કારણ.
લાતી=વખાર, કોઠી.
માજી=અગાડી થઇ ગયલા, આગળના.
મૂખથી= નદીને સમુદ્રને મળવાનું જે ઠેકાણું તે.
અંતરે=તફાવતે, છેટે
નામીચું = પ્રખ્યાત, વિખ્યાત, પંકાયલું.
વેપાર=ધંધો, રોજગાર.
આફતો=હરકતો, સકટો, મુસીબતો.

હાલત = અવસ્થા, સ્થિતિ, હાલ.
મથક=મુખ્ય ઠેકાણું.
નબળો=ઢીલો,ભાગો તુટો.
કોટ=શત્રુથી શેહેરમાં ન અવાય માટે ચારે પાસ બાંધેલી જે મજબુત દિવાલ તે.
કોટવાલ=ફોજદારી કામદાર.
અડચણો= હરકતો, મુશ્કેલી.
ભાગળ=શાક ભાજી વગેરે વેચાયછે તે બજાર.
કિલ્લો=દુશમન વગેરેથી નહી અવાય એવું મજબુત બાંધેલું મકાનતે, જેમાં લશ્કરી માણસો રેહેછે તે.
ખાઇ=ખાડી, ચર.
કલેક્ટર=જગાત ઉઘરાવનાર, કારભારી.
માજિસ્ટ્રેટ=ફોજદાર.
આસિસ્ટંટો=મદદગારો, સહાય કરનારા.
કામદારો=સરકાર તરફથી કામ કરનારા, દિવાન,વજીર.
કચેરી=થોડા ઘણા માણસો મળી જઇ સરકારી માણસો કામ કરેતે.
કોઠી=પારકા દેશમાં માલ રાખવા મળેલી જગ્યા તે.
બંદર=બારૂં.
વલંદા=હોલંડનારેહેવાસી.
ફિરંગી=પોર્ટુગલ દેશના રેહેવાસી.

પાઠ ૯.

સુરત—ભાગ ૨.

અમલદાર=ઓહ્દેદાર,કારભારી.
દરિઆમેહેલ= દરીઆ અથવા નદી કિનારે બાંધેલું મકાન.
રેલવે=લોઢાનીસડકનો રસ્તો.
યુરોપીઅન= યુરોપના રહેવાસી.
ડક્કો=વાહણમાં માલ ચઢાવવા તથા ઉતારવાને જે બાંધેલી જગ્યાતે.
ફુરજો=માંડવી, દાણ લેવાની જગ્યા.
મુગલાઇ=મુગલોની.
ઇમારતો=હવેલીઓ.
મરામત=સમારવું તે.
પારથી=નદીની સામી બાજુથી.
શરિઆમ = સિદ્ધા, ધોરી.
સ્ટેશન=મથક.
વખાણવાલાયક=તારીફ કરવાજોગ.
મોહોલો=શેરી.
પોળ = શેરીમાં જે ગલી હોયછે તે.
મકાન=રેહેવાનું ઘર.
વરણની=જાતની.
વોહોરા=હોરાલોકો.
લક્કડ=લાકડાં.
દેશાવર=પરદેશ.
કમી=ઓછું.
નિરૂપયોગી=નકામો
બારકસો=વાહાણો.
વાશો=રેહેવું તે.
મારફતે=યોગે, હસ્તગે, વતે.

પાઠ ૧૦.

અખાના છાપા.

અખો=એ નામનો કવિ.
છાપો=છપગ અથવા છચરણવાળું.
સ્વપ્ન = સપનું,સાણું, ખુઆબ.
માયા = પૈસો; હેત, પ્યાર.
રિધ્ધસિધ્ધ=દોલત, દ્રવ્ય,પૈસો.
માલવું = સુખથી ફરવું.
પાત્ર= લાયક, મનવાળો,બુદ્ધિવાળો.
કુખ=પેટનું પાસું.
પલક=ક્ષણ, ઘડીનો સાઠમો ભાગ.
વના= સાબેલા, વસ્તુઓ.
મદિરા=દારૂ.
નિરધાર=નક્કી, ખચિત.
મીટીજવું=મટીજવું.
ફના = નાશ, જતારહેવું.
રંક=ગરીબ, પામર.
મિથ્યા=ફોકટ,વ્યર્થ.
મહિમા=પ્રતાપ.
ઉંદર=ઉંદરો.
આહાર=ભોજન,ભક્ષણ.
અર્ણોણુ=ખસખસના દોડામાંથી જે ચીકણો રસ નિકળે છે તે.
આળસ=સુસ્તી.
રસ=મીઠાસ,સ્વાદ.
અધિકું=વધારે, વધતું, વિશેષ.
અંગે=શરીરે.
અકલ=બુદ્ધિએ.
હિણો=વગરનો, ખરાબ.
કારજ= કામ, કાર્ય.
સરે=થાય,બને.
વશ=તાબે.
ભક્ષ=ભોજન, આહાર.
ઠાળી=ખાલી,ભરેલું નહી તેવું.
ભણતર=વિદ્યા,સરસ્વતી, ભણવાનું.
તન=શરીર.
લજ્જા= શરમ.
રાય=રાજા.
રેત=રેતી.
અદકું=વધારે, અધિક.
સાંઢ=ગોધો,આખખલો.
હડકવા = હડકાયું લાગવું તે.
સોકો=સવં,બધા.

પાઠ ૧૧.

મગર—ભાગ ૧.

અદભૂત= આશ્ચર્યકારક, અજાએબ જેવું,વિસ્મય પમાડતું
અમેરિકા=એ નામનો એક ખંડછે.
મગર= ઘણા મોટા કદનું માછલું.
ગરોળી=પાલાડી,પેટ ચાલનારૂં જાનવર એને ભીંગડાં અને ચાર પગ હોયછે.
ઘાટ=આકૃતિ, ડોળ.
વેંતથી=બિલ્લસથી.
ભીંગડાં=પડ.
મુશ્કેલ=કઠણ, અઘરૂં
ફાડ=ચીરો.
તીણા = ધારવાળા, અણીવાળા.
માદા=સ્ત્રી,નારીજાત
સેવાયછે = હુંફાળા થાયછે.
શોધીને=ખોળીને.

ભાવેછે= સ્વાદ લાગેછે.

મિસરદેશ=આફ્રિકામાં એક દેશ છે.

હૂકન્યૂમન=એક જાતના ઝીણાં જાનવર.

ખબરદાર=હોશિયાર,કાબેલ,સાવધ.

પૂજા=સેવા.

માર્ગમાં=રસ્તામાં.

સેંકડો=સો (૧૦૦) અગણિત.

શિકાર=ભક્ષ.

પાઠ ૧૨.

મગર—ભાગ ૨.

ભગત=સેવક.

વ્યાધી=રોગ,પીડા.

સ્થિર= હાલ્યા વગર, થર.

સડેલ=અંદરથી ખવઇ ગયલું.

તલપ=ફાલ, ઠેકડો.

મુડદાં= લાસ, સબ.

દુર્ગંધ=ખરાબવાસ.

મરકી=એક જાતનો રોગ.

ખુશબોદાર=સુગંધવાળું.

ભાતભાતના = જાતજાતના.

મેવા=ફળ ફુલાદી.

પ્રસાદ=જમણ, પાક રસોઇ.

ધરાવતા=મુકતા.

ભોજન=જમણ.

મસ્ત= જબરા, માતેલા.

પાળપર=કોરણઉપર.

જાળવવા= સાચવવા,સંભાળવા.

કુટુંબનું=કુળનું, વંશનું.

ભરણપોષણ=પાલણ પોષન, ગુજરાન નિર્વાહ.

પાઠ ૧૩.

ખરૂંલોઢું ભાગ ૧.

બરછી=એક જાતનું મારવાનુંહથિયાર.

રંદો = લાકડાં સાફ કરવાનું હથિયાર.

આરી=નાહાની કરવત, વેહેરવાનું હથિયાર, શસ્ત્ર.

સખત=મજબુત, કઠણ.

ધાર=અણી, તીણી કોર.

સાધારણ=મધ્યમ.

ચોમેરથી=ચારે બાજુએથી.

પોલાદ= } ખરૂં
ગજવેલ= } લોઢું.

પાઠ ૧૪.

ખરૂં લોઢું ભાગ ૨.

સ્થિતિસ્થાપક= ખેંચીએ અથવા વાંકી વાળીએ તોપણ પાછી હોય તેવી થાય એવો જે ચીજમાં ગુણ તે.

કમાન= ઘડિયાળ કે ગાડી વગેરેમાં સ્થિતિસ્થાપક ગુણ રાખનારી જે લાખંડની ચીપ હોયછે તે.

શામળો=જરાકાળો.

ઓપ=ઓપવું તે,ચળકાટ.

બરડ=ભાંગીકે ફાટી જાય એવું.

પદાર્થ=ચીજ,જણસ

પઠા ૧૫.

બંધીવાનને ઉંદર—ભાગ ૧.

ઇતરાજી=ના ખુશી, ગેરમેહેરબાની.

ઓસાર=ભીતની જે જોડાઈ તે.
વિશ્વાસ=ભરોસો, પતીજ.
સમાગમ=મેળાપ.
દારોગો= બંધીખાનાનો ઉપરી.
બાકું=દર, કાણું.
બંધીખાનું= કેદખાનું, તુરંગ.
કેદ=પરેજ, કબજ.
બંધીવાન=કેદી.
કોટડી=ઓરડી.
સોબત=સંગત, સાથ
અકળાયો=ગભરાયો
ભીતે=દીવાલે
અજવાળું= પ્રકાશ, તેજ, રોશની.
ફાટ=ચીર, તડ.
બાપજીકરીને=કાલાવાલા કરીને.

પાઠ ૧૬.

બંધીવાનને ઊંદર—ભાગ ૨.

ડોળ=ચેહેરો, સુરત, છબી, ભપકો.
હિમાયતી= ઉપરાણું એંચનાર.
હળીગએલો=મળીગએલો.
ડોકીઆં=ડોકી બહારકાઢીને જોવું તે.
હેળવવાની=મળી જવાની.
જુગતી=તદબીર, ઈલાજ, યુકિત.
છાતી=હિંમત.
મોકળેમને = ધાસ્તી વગર.
રાવ=ફરિયાદ.
મનસુબો=વિચાર.
તાણાતાણ=એંચાએંચ.
રમૂજ=ગમત, મજા.
વીસરીગયો=ભૂલીગયો.

પાઠ ૧૭.

બંધીવાનને ઊંદર—ભાગ ૩.

સૂગ=કંટાળો, ઉબાળો.
એકાંત = અલાહિદી જગ્યા.
સારાંશ=મતલબ, સાર.
નર્યો=ફક્ત, માત્ર, બીલકુલ.
રીઝવવું=રાજી કરવું
હાડછેડ=ચીડવવું, ખીજવવું.
વિજોગ=જુદાપડવું તે, વિયોગ.
ઉીજરાવું=દલગીર થવું.
રહેતેરહેતે=ધીમે ધીમે, આસ્તે આસ્તે
અઠવાડીઆમાં = આઠ દિવસમાં.
પખવાડીઆમાં=પંદર દિવસમાં.
હાર=ઓળ.
ઓળખવા =પીછાનવા. જાણવા.
ગંદી=ગોજી.
પીરસીને=મુકીને.
ટાઢક=ઠંડક.
મરજી=ખુશી.ઇચ્છા.
નિરાંત=સુખ, ચેહેન.
ઝાઝાં=વધારે, ઘણાં.
રોયો=રડયો.
વાસમાં=રહેઠાણમાં, મુકામમાં.
સમાગમ=મેળાપ.

પાઠ ૧૮.

પોલાદનોસામાન.—ભાગ ૧.

ઘડીને=ઘાટબનાવીને.
વર્ણન=બયાન, હકીકત, બીના.

ધ્યાનમાં = મનમાં, ચિતમાં.

પાસું=બાજુ.

લાટો = દાબવાનો સંચો.

કારખાનાં=મોટાં ઘરો જેમાં મોટાં હુનરી કામ ચાલતાં હોય તે.

ચક્કર=પૈડું.

વેહેતાં=ચાલતાં.

મિનિટ=૬૦ સેકન્ડ.

ઘા=ફટકો,ઝટકો.

મુલ=કિમ્મત.

ઓપદાર=ઓપવાળી

ગાળેલા=પીગળાવેલા

પાઠ ૧૯.

પોલાદનો સામાન.

—ભાગ ૨.

સરાણ= હથિયારોને ધાર આણવાનું ઓજાર.

છીણી=સુથાર લુહારનું હથિયાર,અમણી

રેતરડી=નહાનીકાનસ.

કરવત=લાકડાં વેહેરવાનું દાંતાવાળું હથિયાર.

કટારી=ખંજર, બેપાસે ધાર અને છેડે અણીવાળી જે છરી તે.

પાળીઓ=છરીઓ, મોટા ચાકુઓ.

ગણતરી=ગણવું તે.

કારીગરી=કારીગરનું જે કામ તે.

કચકડું= કાચબાની પીઠનું હાડકું.

કોશ=તરાજ.

પાઠ ૨૦.

ભરૂચ ભાગ ૧.

મરામત=સમારવું.

પનો=પોહોળાઇ.

કોશથી=ગાઉથી.

રળિયામણું=શોભાયમાન.

કાંઠાપર=કિનારાપર.

ઘેરાવો=ઘેર, ગોળફેરાવો.

મુશ્કેલી=અડચણ.

ટેકરા=મોટાડાનાઢગલા.

ઢોળાવ=ઢાળ.

સાહુકારની=આબરૂદારની, પૈસાવાળાની.

જારશી=વધારે,ઘણી

દાંડા=બેટ.

પાઠ ૨૧.

ભરૂચ ભાગ ૨.

લોઢવું = કપાસીઆ તથા રૂને છુટા પાડવા.

અદાલત= કચેરી,દરબાર.

પ્રથમ= પેહેલાં, આગાઉ.

અવસ્થામાં=હાલતમાં.

મ્યુનિસિપાલકમિટી=શોહેરસુધરાઈ ખાતું.

રોજી=પેદાસ,કમાઈ.

વણકર=સાળવી, વણનારા.

લાચાર=ગરીબ,નાચાર.

સંચા=યંત્ર.

વરાળ=બાફ.

કંપનીઓ=મંડળીઓ,ટોળીઓ.

સરતાં=સોંઘાં.

ઘટારત= લાયક, યોગ્ય.

પાઠ ૨૨.

જીવડાં.

રમૂજી=ખુશી ઉપજાવે એવી,મનો રંજક.
વિદ્વાન=ભણેલા.
લાખ=૧૦૦ હજાર.
પેડું=પેટની નિચેનો ભાગ.
અચરજ= અજબ, આશ્ચર્ય.
નાજુક=કુમળી.
પોત=કુમાસ.
ઘટ=જાડી.
ચકચકીત= ચકચકતું,સુંદરદેખાતું
ભીંગડાં=પડ, ચાઠાં.
પોષણ=ગુજરાન, નિર્વાહ.
મધમાખી=મધબના વનાર માખી.

પાઠ ૨૩.

પ્રાણીપર દયા રાખવા વિષે.

મદાંધ= અહંકારમાં આંધળો.
ઈશ=પ્રભુ, ઈશ્વર.
અવયવ = શરીરના ભાગ.
ઉદાર=સખી, દાતાર.
ચર્ણ=પગ, પાય,
પ્રયત્ન=મેહેનત,શ્રમ
પીડાથી=દુઃખથી, કષ્ટથી.
પિંડ= શરીર,દેહ,કાયા.
બાપડો=લાચાર.
પ્રાણી=જેનામાંજીવ હોય તે.
દયા=રહેમ.
રચ્યા=બનાવ્યા, ગોઠવ્યા,ઘડયા.
લાખ=ઘણી, અગણિત.
ઉર=મન,દીલ,છાતી.
લગીર=જરાક.
ધાબ=ધબ દઈને.
મિત્ર=દોસ્તદાર.
ઘાતની=મારવાની.
વિશેષ=વધારે.
વર્ણવો=કહો, બયાન કરો.
વખાણીને = તારીફ કરીને.
દીધેલું=આપેલું.
ગજાથી = શક્તિથી, બળથી.
ભાર=બોજો.
વેદના=દુઃખ. પીડા.
ક્રૂર=ઘાતકી.
કર્મ=કામ.
પીછાણીને=જાણીને, પારખીને.
અધર્મ = અનીતિ, નાસ્તિકપણું.
જંતુ=જીવડાં.
પાય=પગ.
પરોવી=પોરવી.
શૂળમાં= અણીદાર કાટાંમાં.
ખેલ=રમત,ગમત.
ખોડીને = ખાપણ આણીને.
નિશાન=ચિન્હ, એંધાણ, નેમ.
વિનાશ=મરણ,નાશ.
તીર=એકજાતનું અણીદાર મારવાનું હથિયાર.

પાઠ ૨૪.

હિંદુસ્તાન-ભાગ ૧.

પ્રાંત=જેમાંશેહેર મુલકો હોયછે તે.
ત્રણખૂણીઆ= ત્રણ ખુણાવાળો.
કોણ=ખુણા.
હદ=સીમા.
પર્વત=પહાડ,ગીરી.
મુશાફરો=વટેમાર્ગુઓ
લશ્કર=ફોજ,

વિકટ=બીઆમણું, ભયંકર.
પાહાડી=ડુંગરવાળી
લડવૈયા=લડાઇ કરનારા.
મથાળે=માથે, ટોચે.
ઝાંખરાં=ઝાડના કાંટાવાળાં લીલાં સુકાંડાળાં.
રસાળ=ફળદ્રૂપ.
ફુલફળાદી=ફુલ ફળ વગેરે.
પૂર=રેલ.
જળજળ=પાણી પાણી.
ડાંગર= છાલાં સુદ્ધાં ચોખા, ભાત.
ક્યારડા=ક્યારા.
નાવડાં= નાની હોડીઓ.
સીમાડો=હદ, સીમા

પાઠ ૨૫.

કરિઆણું=ગાંધીને ઘેર મળતી ઓસડ મસાલા વગેરેની જણસ તે.
કસ = તત્વ, રસાળપણાનો ગુણ તે.
ભાળોડાનાં=ભાળાના.
તળેટી=પાહાડની નીચેનો ભાગ.
સાગ= એક જાતનું લાકડું.
પાકેછે= પેદા થાયછે
હીરા = એક જાતનું ઝવાહીર.
નિપજ=ઉપજ,પેદાસ
લલચાઇને=લોભાઇને.
પરમુલકના=પરદેશના.
વનસ્પતિ=ઝાડપાન. ઉદ્ભીજ.
તડ=ભાગ.

પાઠ ૨૬.

હિંદુસ્તાનનો ઇતિહાસ—ભાગ ૧.

પદવી= હોદ્દો, દરજ્જો.
હકૂમત=હુકમ, આજ્ઞા, સત્તા.
વહીવટદાર=કારભારી, કામદાર.
વળે=જકાત, કર.
જકાત= મેહેસુલ,છાપો, વેરો, કર.
વસાવાયા = ઘાંચી, મોચી, દરજી, ઘોબી વગેરે.
વેઠ=વગર પૈસે મજુરી કરાવવી તે. વેતરું.
કુલના= ઓલાદના, વંશના.
કાયદા= ધારા,નીયમ
વ્યાવહાર=રીતભાત. ચાલ ચલન.
બળવાન= જોરાવર.
શૂરા=જોરસાવાળા.
ધરમની=શાસ્ત્રની.
હલકા=નીચ.
શલાહ=મત.
બંદોબસ્ત=વ્યવસ્થા ગોઠવણ.
તાબામાં=કબજામાં.
અધિકારીઓ=હકદારો, કારભારીઓ, ઉપરીઓ.
વસુલ = ઉઘરાવીને એકઠું કરવું તે.
ઉપરીપણું= હરકોઇ કામપર તપાસ રાખવાનું કામતે
પ્રજા=રૈયત.
ઇનસાફ= ન્યાય,ફેસલો, ચુકાદો.
ખૂન=કોઇને જીવથી મારી નાખવું તે.
શૂળીએ=ફાંસીએ.
કાંડાં=પોંહોંચા,પંજા

નરકે=દોજખે,જાહાનમમાં.
વિદ્યાવાન=ભણેલા.

પાઠ ૨૭.

હિંદુસ્તાનનોઇતિહાસ—ભાગ ૨.

સાજવાળા = ઘરેણાં વાળા,સામનવાળા
પડાવ=મુકામ.
હાકેમ=સરદાર, અગલદાર.
દોલત=પૈસો, દ્રવ્ય.
વારતેહેવારે=ટાંણે ટચ્કે.
ડોલી=ઝૂલી, ઝૂકી.
રથ=એકજાતની ચાર પૈડાની ગાડી.
મોહ=લાલચ.
ફોજ=લશ્કર.
આથમણા= પશ્ચિમ તરફના.
હુમલો=ઓચિંતા તુટી પડવું તે.
શાણી=ડાહી, ચતુર.
મોટાઈ = આબરૂ, માન.
કળા=હુનર, કિસબ
રાજયનીતી = રાજય ચલાવવાની રીત

પાઠ ૨૮.

હિંદુસ્તાનનો ઇતિહાસ—ભાગ ૩.

ફેલાવો=પ્રસાર, વધારો.
છેવાડે=છેડે, આઘે.
રજપૂત=હિંદુની એક જાત.
ગુજરાન = નિર્વાહ, પોષણ.
છેડો=છેરો, પુંઠ,
સ્થાપ્યું=થાપનાકીધ
ગ્રંથો=પુસ્તકો, ચોપડીઓ.
કૃષ્ણ=વસુદેવનો છોકરો, દ્વારકાનો રાજા.
દ્વારિકા=હિંદુલોકોની એક તીર્થની જગ્યા.
રાજધાની=મુખ્ય શેહેર, રાજાનું રેહેવાનું ઠેકાણું.
બાદશાહ=રાજા,નૃપ.
બુદ્ધ=એકજાતનોધર્મ
મહિમા=મોટાઈ.

પાઠ ૨૯.

હિંદુસ્તાનનો ઇતિહાસ—ભાગ ૪.

પરાક્રમી=ભારે કામ કરનાર.
અજીત=કોઈથી જીતાય નહીં એવો.
ગાંજયો = જીતાયો, છેતરાયો, ઠગાયો
સવંત=વિક્રમનાશક થીચાલતાંજેવર્ષતે
દૈવગતિ=ઈશ્વરી શક્તિ.
વિક્રમ=ઉજણનોરાજા
વિક્રમાજીત=નહીં જીતાય એવો વિક્રમ
આબરનું= માનનું, મોટાઈનું.
શક=શાળીવાહાનથી ચાલતાં જે વર્ષ તે.
ખંડિએર = બળેલી ભાંય, ભાંગા ટુટાં પડીગયલાં ઘરનાં ઓખાં.
સંસ્થાન= વસાવેલાં મુલક.
કુતબઓ=રાજગાદી જેના ગોલાભાઈ નેમળી હોય તે.

કન્યા=કુંવારી છોકરી.
દૈવયોગથી=ઇશ્વરી બનાવથી.

પાઠ ૩૦.

હિંદુસ્તાનનો ઇતિહાસ—ભાગ ૫.

વભવ=સુખ.
કવિતારૂપ=કવિતાના આકારમાં.
નાટક=જુદા શબ્દો વગરના ભવાઇના ગ્રંથો.
દેવસ્થાન=દેહેરાં.
બંધન=કાયદા, અટકાવ.
નાચ=નૃત્ય.
કીર્તિ=આબરૂ,માન.
ફોજો=લશ્કરો.
કસબી=કળા જાણનાર, હોંશિયાર.
મનુ=એનામનો કાયદા બાંધનાર.

મહાભારત, રામાયણ } એ નામના કવિતા રૂપમાં ધર્મશાસ્ત્રના બે પુસ્તકો.

કાળિદાસ, ભવભૂતી } એ નામના સંસ્કૃત કવિ.

પુસ્તક=ચોપડી, ગ્રંથ
સદગુણની=સારા ગુણની.
દાનત=નજર.
વાસવાની=બંધ કરવાની,દેવાની.
લેખપત્ર= કાગળરૂપ ર દસ્તાવેજકરવાતે
પરાયા=પારકા, બીજાના.
લગનમાં=પરણવામાં.
કરજ=દેવું, દેણ.
જમણવાર = વરો, ન્યાત.
સ્ત્રીઓ=બાયડીઓ

પાઠ ૩૧.

હિંદુસ્તાનનો ઇતિહાસ—ભાગ ૬.

નુકસાન=હાણી.
ઉદ્યમ=ધંધો.
વારસો=હક,કોઇમાણસના મુવાપછી તેની માલમતા વગેરેનો જેહક તે.
સ્થાવરમિલકત= ઉપાડીને આપીન શકાય એવી જે-ચીજ તે.
હિસ્સા=ભાગ, પાંતી.
તવંગર = ધનવાન, તાલેવર, દ્રવ્યવાન
પરવારે=ફુરસુદ, વખત, આવકાશ.
ગણતીમાં=લેખામાં, હિસાબમાં.
કળા=હુંનર,કિસબ.
મેહેરબાની=કૃપા.
વિદ્યા = સરસ્વતી, જ્ઞાન.
હુંનર=કિસબ.

પાઠ ૩૨.

મીઠાના અગર.

ભાગ ૧.

લુણ=મીઠું, નીમક.
ગચીઆં=છો મોટા ડી પથરા વગેરેના બાંઝેલા ગઢ્ઢા તે.
પાહાણા=પથરા.
એ તૃતીયાંસ=એકચીજના ત્રણ સરખા ભાગ લઇએ તે.
મહાસાગર=સમુદ્ર, સાગર, દરિઓ.
ભંડાર=ખજાનો.
ઝરણ=ઝરો, નાની સરખી નદી.

કકડીને=ઘણા જોસથી, જોરમાં.
પારદર્શક = જેમાંથી આર પાર દેખાય એવું.
ગાંગડા=ગઠ્ઠા.
વખારો=માલભરવાની મોટી દુકાનો.

પાઠ ૩૩.

મોંડાના અગર.
ભાગ ૨.

તીર્થ=નદીકાંઠાપરની પવિત્ર મનાયલી જગ્યા.
ઘોઘવા=ઘોધ.
સ્થિર=થર, શાંત.
લહેર=થંડીહવા.
ઘેરાવો=પરીઘ,ગોળ ફેરાવો,ઘેર.
ઉગમણદિશા=પૂર્વ દિશા.
કુંડ=ચારે પાસબાંધેલું નાનું સરખું તળાવ.
ભય=ધાસ્તી, બીક.
ખંડેર=ભાગાં ટુટાં-પડીગયલાં ઘરનું ખોખું તે.
થર=પડ, ચોડ.
પાળ=કોરણ.

પાઠ ૩૪.

ભલાઈ.

ધમકી=બાહીક,ધાસ્તી.
બળાત્કાર=જોરજુલમ.
ઉમંગ=હોંસ, આનંદ; ખુશી.
કઠોર=કઠણ,કડવું.
અણગમો=અભાવો
માએનો=અર્થ.
એકાદું=એકાદ.
જોરજુલમથી=બળાત્કારે.
ઇચ્છા=મરજી,ખુશી.
નાખુશીથી=ગેરમેહેરબાનીથી.
મનદઇને=ધ્યાન લગાડીને.
વેર=કીનો, ખાર.
અર્થ=મતલબ.
વિનંતિ=કાલાવાલા, સ્તુતી, પ્રાર્થના.
અસર=લાગણી.
નરમાશથી=સાલસપણાથી.
ભલાઇ= ભલમનસાઇ, નમ્રપણું.

પાઠ ૩૫.

વિચારી બોલવા વિષે.

સુવાકય=સારોબોલ, સારૂંવચન.
કુવાકય=ખરાબબોલ, ખરાબવચન.
સ્નેહ=પ્રિતી, દોસ્તી.
સદૈવ=દરરોજ,નિત્ય, હંમેશ, સદા.
વાધે=વધારોથાય.
કલેશ=કજીઓ, કંકાસ.
લાધે=મળે, જડે.
વિવેક=ભલમન સાઇની રીત.
યાર=મિત્ર, દોસ્ત.
ઉચ્ચાર=બોલ, કહે.
વાણી=બોલી.
વિશ્વ=દુનિયા.
કીર્તિ=યશ, આબરૂ.
જનો=માણસો.
પ્રજા=રૈયત.
ધૂડ=ઘૂવડ પક્ષી.
બુરાઇ=નરસાઇ,ખરાબી.
રાજકુમાર=રાજાનો છોકરો, કુંવર.
અમુલ્યનું =ઘણીજ કિંમતનું.
પળી=ઘી તેલ વગેરે

કાઢવાના કામમાં લોઢાની આવેછે. તે.
માનવી=માણસનું.
વેણ=વચન.
વિમાસશો =દલગીર થશો, પસ્તાશો.
હાણી=નુકસાન.
છરા=ચાપુ, છરી.
છેદ=કાણું, ઘા.
રૂઝે=સારૂં થાય.
ભડાકો=અવાજો.
વદો=બોલો, કહો.
વણશે=બગડશે.
ભારતોલ =આબરૂ-સર.

પાઠ ૩૬.

સૂરજ અને પવન.

વાદ=તકરાર.
વટેમાર્ગુ=મુસાફર.
તપીગયા=ગુસ્સેથયા.
બળ=જોર, શક્તિ.
અજમાવો =તપાસી જુવો.
વાવાઝોડું =જોરથી-પવન વાય તથા ધુળ ઉડેછે તે.
ગભરાભાઈને=અક-ળાઈને.
લપેટતો=વિટાળતો.
બફારો=પરસીનો,ક-હારો, પરસેવો.
આકળા= ઉતાવળા, ગરમ સ્વભાવના.
જોડીકાઢેલી=બના-વેલી.
મારફોડથી=માર્યાથી

પાઠ ૩૭.

માણસને બીજાં પ્રાણીમાં ફેર.

ભાગ ૧.

અંગજ્ઞાન=શરીરથી ઉત્પન્ન થયલું જે જ્ઞાન તે.
તર્કશક્તિ = વિચાર શક્તિ.
મરડી=ઝૂંપડી.
રાફડો=સાપનું દર.
જનમ્યું=પેદા થયું, ઉત્પન્ન થયું.
ટેકો=આધાર.
કડાકૂટ=માથાફોડ.
ભેદ=તફાવત,અંતર, ફેર.
કોઠાર=ભંડાર.
બીવર=એક જાતના સસલાં.
હળ=જમીનખેડવા-નું એક હથિયાર.
દાતરડું=ઘાસ વગેરે કાપવાનું હથિયાર.
સંઘરો=એકઠું કરેલું તે.

પાઠ ૩૮.

માણસને બીજાં પ્રાણીમાં ફેરભાગ ૨

સોચના=દલગીરી.
વાદવિવાદ= સામસા મી તકરાર.
વૈદું=વૈદનો ધંધોતે.
પ્રેરણા=ઇશ્વરે આપે લી અક્કલ તે.
ઉદાસ=દલગીર.
બેડોળ=કઢંગું.
મંડળી=ટોળી,મંડળ.
મંદવાડ = માંદગી, બિમારી.
ગુંચવણ=કંઇ કામ કરવાની સુઝ ન પડવી તે.
સંસારમાં=પૃથ્વીમાં, દુનિયામાં.
મનુષ્ય=માણસ, મા-નવી,આદમી.
કસર=ઓછાપણું.
તર્ક=વિચાર,કલ્પના.

ભીલ= એક જાતના
લુટારા લોક.
મેહેલ=હવેલી.
સરખાવવું= મુકાબ
લો કરવો.
ભકિત=પ્રાર્થના,સ્તુતી
પંકિત=હાર, પદ્ધિ.
ઉત્તમ=શ્રેષ્ઠ, ઉતકૃષ્ઠ

પાઠ ૩૯.

**માણસને બીજાં
પ્રાણીમાં ફેરભાગ ૩**

મગજ= અકલ જે
માં હોયછે તે.
રચના=ગોઠવણ.
મુખ્ય=સૌથી પેહેલા,
ટટાર=સીદ્ધા.
ચોપગાં= ચારપગવા
ળાં.
નહોર=નખ.
ભુંડ=ડુક્કર.
માફક=અનુકુળ.
કૃપાળુ= દયાળુ, મા-
યાળુ.
સરજ્યાં=પેદાકર્યાં.

પાઠ ૪૦.

પક્ષીના માળા.

ઇંડાં=જેમાંથી પક્ષી.
ઓ પેદાથાયછેતે.
સુવાળા=નરમ,લીસા
ચારો=શ્વાસ.
ઠરતી=શોભતી,ઓટી
રહેલી.
બચાવ=સંભાળ, ર
ક્ષણ.

પાઠ ૪૧.

માનો ગુણ ભાગ ૧

પારણું=છોકરાને સુ
વાનેચોખંડું લા
કડાનું બનાવેલું
હોયછે તે.
પોઢવું=સુવું.
કડું=કડવું.
ખાણું=ખાવાનું.
ખમા=ક્ષમા,ખામોશ
મુકિત=ઓદ્ધાર,મોક્ષ
પુત્ર=છોકરો.
મહા= ઘણી, મોટી.
હેતવાળી=પ્રેમવાળી.
પંડે=પોતે.
પ્રેમના= હેતના, મા
યાના.
ભકિત=પ્રાર્થના, સ્તુ
તી, ભાવ.
જુકિત=તદબીર, ઈ
લાજ.
ચિંતા=ફિકર,કાળજી

પાઠ ૪૨.

માનોગુણ ભાગ ૨.

ગણિતે=હિસાબે.
ચાકરી=સેવા, બીજ
મતદારી,નોકરી.
આકરી=કઠણ,સકત
દાસ=ચાકર.
સાટું=બદલો.
દેવ=પ્રભુ, ઈશ્વર.
દાતા=સખી,દાતાર.
માતા=મા.
સમો=વખત, વેળા.
જોગ=તક.
છંદ=અક્ષર અથવા
માત્રાના નિયમ-
થી બનેલી જે ક
વિતા તે.
પ્રિત=હેત, માયા.
રીઝી=ખુશ થઇ, પ્ર
સન્ન થઇ.

પાઠ ૪૩.

ચીનાઈ વાસણ.

ભાગ ૧.

ઢારીને=પાડીને.
થર=પડ.
ખાંડીખાંડીને= કુટી
કુટીને.
બારીક=ઝીણો.

ભૂકો=ચૂરો.
પ્રવાહી=વહીશકેએવું
ગુંદાય=કેળવાય.
કેળવાયલી=ગુંદાયલી
લોંદો=લોચો.
ચતુરાઇ=કારીગરિયત
સારી આવડત.

પાઠ ૪૪.

ચીનાઇ વાસણ.

ભાગ ૨.

સંધાડો=રમકડાં ચુડા વગેરે ઉતારવાનું હથિયાર.
ડોળીઆં=ઓખાં.
ખરાદી=દાંત લાકડાં વગેરેનાં રમકડાં બનાવનાર.
નાળચાં=નળી.
ગારો=છાણુ માટીને પાણી સાથે કેળવીને કરેલો જે ઢગલો તે, ગાર.
આંચ=ઝાળ.

પાઠ ૪૫.

ચીનાઇ વાસણ.

ભાગ ૩.

રંગીત=રંગેલાં.
આસમાની=વાદળી રંગનાં.
ચીતારા=ચીત્ર પાડનારા.
શોધ=તપાસ, ખોળ.

પાઠ ૪૬.

ચીનાઈ વાસણ.

ભાગ ૪.

કુંભાર=માટીનાં વાસણ ઘડનાર.
ઉભરાવું= છળકાવું.
અજમાવવું=તપાસવું, અનુભવ કરવો.
ધર્મશાલા = ધર્માદા ઉતરવાનીજગ્યા.
સ્વાર= સ્વારીકરનાર
મેદો=ઝીણો લોટ.
સાજો=સારો.

પાઠ ૪૭.

પાટણનુ વર્ણન.

ભાગ ૧.

વિદ્યાશાળા=નિશાળ, શાળા, વિદ્યાલય.
પ્રતિષ્ઠા=મૂર્તીસ્થાપન કરવાની ક્રીયાતે.
ભરવાડ=બેટાં ચગાવનાર.
જીલ્લો=રાજનાબંદોબસ્તસારૂદેશનાપાડેલા જે ભાગ તે.
મામલતદાર=તાલુકામાં ઉઘરાવનાર.
ઉજડ=વેરાણ.
ખેતરાં=ખેતરો.
પંચાસરા=પંચાસર નગરના.
પારશનાથ=શ્રાવકોનો દેવ.
દેરૂં=દેવલ, મંદીર.
ગણપતિ=શિવનો છોકરો.
મુરતમાં= મંડાણમાં.
પોશાળ=નિશાળ, શાળા, વિદ્યાલય.
સહસ્ત્રલિંગ= હજાર મહાદેવની મૂર્તીઓ
મસીદ=મુસલમાનોને બંદગી કરવાની જગ્યા.
વાવ=પગથીઆવાળો ઊંડો કુવો.

પાઠ ૪૮.

પાટણનું વર્ણન

ભાગ ૨.

મૂળસ્થાન=ઉતપત્તિનું ઠેકાણું.

કુળદેવિ=કુળની દેવિ
કુમારિકા=વગર પરણેલી છોકરી.
જન=શ્રાવક.
તાડપત્ર=તાડનાં પાંતરાં.
પટાળાં=સ્ત્રીઓને પેહરવાનાં રેશમી લુગડાં એ ઘણું કરીને પરણતી વખતે પેહેરે છે.
વખણાય=પંકાય.
ડાબલીઆળી=ડાબલીના આકારવાળી.
સૂડીઓ = સોપારી ભાંગવાના ઓજાર.
જાર=જુવાર.
મૂળ=અસળ ઠેકાણું

પાઠ ૪૯.

એશિઆ.

ખંડ=જેમાંઘણાંદેશ હોયછે તે.
બરફ=ઠરેલું પાણી.
ગગનમાં= આકાશમાં.
ઝગઝગે=ચળકે.
અરૂણપ્રકાશ=સૂર્યનું તેજ.

ભોંયરાં=ઘરના ભોંયતળીઆની નીચેની કોટડી.
કદરૂપાં=બેડોળ.
મધ્ય=વચલા.
રેતાળ=રેતીવાળા.
રબારી=ભરવાડ.
પીળચટા=પીળાશપર
ઉદ્યમી=મેહેનતુ.
કિરણ=બીંબ.
વર્ણ=શરીરનીકાન્તી.

પાઠ ૫૦.

હિંદુસ્તાનનો ઈતહાસ ભાગ ૭.

ઉત્પત્તિ=પેદાસ,જન્મ
પણ=નીમ.
જોધ્ધા=લડવૈયા.
રણ=રેતીનું મેદાન.
બેસુમાર=ઘણીજ,બેહદ.
ફુટડી=રૂપાળી, સુંદર
પાયદળ=પગેચાલતું લશ્કર.
ચડાઈ = લડાઈની સ્વારી, હુમલો.
વાટમાં=રસ્તામાં.

પાઠ ૫૧.

હિંદુસ્થાનનો ઈતિહાસ- ભાગ ૮.

પોકાટતાંજ=પરોઢીયું થતાં, સવારના પોહોરમાં.
ગર્ભવંતિ=ગાભણી, દહાડાવાળી.
ફળાદિ=ફળવગેરે.
લાંછન=એબ,કલંક, બટ્ટો.
રણમાં=લડાઈમાં.
અવતર્યો=જનમ્યો, પેદા થયો.
સમજણો = સમજુ, ડાહ્યો.
કાસદ=બેપીઓ.
મૂર્તિ=ધાતુવગેરેનું બનાવેલું પુતળું.
ધનસાઈ=વાજબી.

પાઠ પર.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૯.

બખેડો=બંડ,હુલ્લડ, ફીતુર.
રાજપાટ= રાજ્યગાદી.
મૂદલ=જરાએ, બીલકુલ.

કાંપતા=ધ્રૂજતા,બીહતા.
ઠાઠ=દમામ,દબદબો, ભપકો.
પરાક્રમી=મોહોટાંકામો કરનારો.
સંતાન=છોકરૂં.
સમાપ્તિ=અંત,આખર.
વટેમાર્ગુ=મુસાફર.
લાખો=માણસનું નામ છે.
ભાલો=લડાઈનું શસ્ત્ર
વંશજો=કુટુંબી.
રાજકન્યા=રાજકુંવરી,રાજાની દીકરી.

પાઠ ૫૩.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૧૦.

સરકરવું=હાથકરવું.
ચિંતા=ચેહ.
તુટીપડયા=કુદીપડયા
તુરકી=તુર્કસ્થાનના.
રક્ષણ=બચાવ.
ખડકીને=ગોઠવીને.
ઇતરાજી=ગેર મેહેરબાની.
ગુલામ=વેચાતા લીધેલા ચાકર.

પાઠ ૫૪.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૧૧.

કુમક=મદદ, પક્ષ, તરફેણ.
આપઘાત= પોતાને હાથે પોતાનો જીવ કહાડવો તે, આપહત્યા.
ખરચી=ખરચવાને માટે નાણું.
થડમાં=સોડમાં,પાસે
છાવણી = લશ્કરનો પડાવ.
તમામ=બીલકુલ.
ગુજરીગયો=મરી ગયો,મૃત્યુ પામ્યો.
સેહેવાયું= ખમાયું, સોસાયું, સાખાયું.
જંગલી= જંગલના રેહેવાસી,અજ્ઞાન
છરા= મોહોટી પાળીઓ.
વખેરાઇગયા=જતા રહ્યા, છુટા પડીગયા.
તળેટીમાંથી=પાહાડની નીચેની જગ્યામાંથી.
શિવલિંગ= મહાદેવની મૂર્તી.
ભંડાર=ખજાનો,તીજોરી.
રોકડા=નગદ.
શુમાર=આશરો,પાર
દ્રવ્ય=પૈસો, દોલત, ધન,

પાઠ ૫૫.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૧૨

વતન=સ્વદેશ.
ખાલસા=સરકારી, સરકારનાતાબામાં આવેલું.
હરડતા = જુલમી, કઠ્ઠા.
લૂટફાટ=જબરજસ્તીથી ખુંચીલેવું તે.
બુરી=ખરાબ, પાપી
કોલકરાર=સલાહની ગોઠવણ,બંદોબસ્ત
વસાવ્યા=બીજાદેશમાંથીલાવીનેરાખ્યા
જાથુ=હંમેશા,રોજ-
જમાવ=જથો,સમુદાય.
રણ=ઝાડપાલાવગરનું મેદાન; લડાઇ.
મંદીર=દેવલ,દેહેરું, ઘર.

પાઠ ૫૬.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૧૩.

મંડપ=માંડવો.
નૈરૂત્ય=દક્ષિણ અને પશ્ચિમની વચેનો ખૂણો તે.
રગદોળાયું= પગતળે કચરાયું,ચંપાયું.
હાથકર્યું=જીત્યું, સર કર્યું,તાબેકર્યું.
ખાળ્યો=અટકાવ્યો.
સુબો=હાકેમ,સરદાર
તંગાસ=ખુટ,વાખા ખોટ,જરૂર.
હોંસે=ઉમળકાથી, હરખભેર,ઉમેદે.
ખરેબપોરે= મધ્યાન કાળે.
તરકૂડી= તરકુડીઆં ખાઇને.

પાઠ ૫૭.

હિંદુસ્તાનનોઇતિહાસ-ભાગ ૧૪.

પાઠશાળા=નિશાળ, વિદ્યાલય.
શૂરાતન=બહાદુરી.
ફિર્દુસી=ઇરાનનોએક કવિ.
રચાવી=જોડાવી, કરાવી.
રચના=બાંધણી,શોભા.
કઠોર=નિર્દય,ઘાતકી.
શાબિત=સિદ્ધ, નક્કી.
પરદેશી=પારકા દેશના, બિજાદેશના.
કાળજી=ફીકર,દરકાર, મન.
કામકાજ=કારભાર.
કારભારી=વહીવટદાર, કામકાજ કરનાર.
પસરી=ફેલાઇ, વધી ગઇ.
બંડી=બદન, વાસકુટ, કુડતું.
પેહેરવેશ=પોશાક.

પાઠ ૫૮.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૧૫.

સૂબો=હાકેમ,સરદાર.
મર્યાદશીળ = અદબવાળા.
વખો=દુઃખ, હેરાન ગતિ.
ભાગજોગે=દૈવયોગે, એકાએક.
ઉગર્યો=બચ્યો,જીવતો રહ્યો.
કુળમાં=વંશમાં.
મમતા=પ્યાર,વહાલ, હેત.
અધિકાર=હુકમ,સત્તા, અખ્તિયાર.
માંહોમાંહે=એક બીજા સાથે.
પેગડા=પેરવા.
સોંપ્યો=હવાલે કર્યો, સ્વાધીન કીધો.

પાઠ ૫૯.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૧૬.

ધાણવળ્યો=નાશથયો
દત્તક=ખોળે લીધેલા છોકરો.
ભાટ=કવિઓ.
ચારણો=રાજાનાઆશ્રીત અને તેનો ધંધોનાચવું ગાંવુ વખાણ કરવા- વગેરે હોયછે.
ટુકડી=થેડાથોડામાણસની હાર.
જખમી=ઘાયલ.

સહીસલામત =ક્ષેમ-કુશળ.

પાઠ ૬૦.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૧૭.

ખુન્નસ=ક્રોધ,તામસ

છાપોમારવો = ઘણા માણસે એકઠા થઈ કોઈનાપર તુટી પડવું તે.

કતલ = કાપાકાપી, ખુનરેજી.

તુર્કી=તુર્કસ્તાનના રેહેવાસી.

જડાવ=જડિત.

ગણકારે=પતકરે.

બકતર=અંગને રક્ષણ કરવાને લોખંડનું જેબનાવેલું હોય છે તે.

જમાવીને= એકઠું કરીને.

વીણીકાડેલા= ચુંટી કહાડેલા.

હલ્લો=લડાઇ.

ધૂળધાણી=વેરણખેરણ,પાએમાલ.

સેનાપતિ= લશ્કરનો સરદાર.

સૈકામાં= સૈકામાં,સદીમાં.

રઝળતા=ભમતા, રવડતા.

પાઠ ૬૧.

હિદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૧૮.

નામના=નામદારી.

સાવધ=હોંશિયાર.

ઠોરકરવું=મારીનાખવું.

સ્વતંત્ર=આપઅખત્યાર.

જોદ્ધો=જુદ્ધકરનાર, લડવૈઓ.

કળા=કસબ,ચતુરાઇ

ગાંઠે=લેખવે,પત કરે.

ફાંસામાં = પેચમાં, ફાંદામાં,દાવમાં.

સમાચાર=ખબર.

પાઠ ૬૨.

ઉલટભેર ફરીથી કરો ભાગ ૧.

મિજાજ = સ્વભાવ, પ્રકૃતી.

દાથરો=મ્હો ચઢાવવું તે.

વદી = એક જાતની રકમમાંથી બીજી જાતની રકમ કહાડવી તે.

ઓડ=બાપણ,ખામી

અકળામા = ગભરાનહી.

સુસ્ત=આળસુ.

લીટા=કાપા.

ઉલટ=ઉમંગ, હોંસ.

પાઠ ૬૩.

ઉલટભેર ફરીથી કરો-ભાગ ૨.

દયામણું=દયા ઉપજાવે એવું.

દસકાં=રહી રહીને રડવું તે,ડુસકાં.

અઘરો=કઠણ, મુશકેલ.

અકળામણ=ગભરામણ.

જીવલગાડીને=ધ્યાન રાખીને.

ઉમંગથી = ખુશીથી હોંસથી, ઉલટથી.

આનંદમાં=ખુશીમાં

લોહી=લુછી,સાફકરી

અચકાતાં=ડસકાંભરતાં.

પાઠ ૬૪.

ઉલટભેર ફરીથી કરો-ભાગ ૩.

આનંદી=મગન, સંતોષી.
ધુંધવાતું=રીશાળ.
ઉલટ=ઉમંગ, હોંસ.
વસમું=અઘરૂં, કઠણ, મુશકેલ.
કાયર=કંટાલી, દુખી થઇને.
કેહેવત=કહાણી.
સૂકું=મુલું, વિશરૂં.
હોવે=હા, અલબત.
તાળો=દાખલો, કાંટો

પાઠ ૬૫.

સામળભટની સમશ્યા.

સમશ્યા=ઉખાણા.
શ્વાન=કૂતરો.
સુજાન=સારીપેઠેજાણીતો.
મૃગ=હરણ, સાબર.
ગળ્યો=ઢાંકી દીધો.
તન=શરીર, અંગ.
સજંન=સુગ્ન, સારા.
ઉત્તર=જવાબ.
જામ=મોટાઘેરવાળો અને ઘણો જની ચો એવો એક જાતનો આંગરખો
વીવા=સગાઇ.
ફાળ=કુદકો, ડાકું.
ચતુર=અકલવંત.
નિર્બળ=નબળી, કમજોર.
કોલ=કોયલ.
વસે=રહે.
પઢતો=ભણતો.
પુર્યો=ગોંધ્યો, બંધ કર્યો.
મધુરો= મીઠો, મધુર રાગનો.

પાઠ ૬૬.

ઝીણા પોરા.

વિદ્વાન=પંડિત.
સંખ્યા=કોઇપણઆંક
સૂક્ષ્મદર્શક=ઝીણી વસ્તુ દેખાડનાર.
ખાબોચીઆમાં=પાણીવાળાખાડામાં.
કરોડો= લાખો, ઘણાંજ.
અચરજ=અજાયબ, નવઇ.
ગુરા = પુડા, ઝીણા જીવડા.
અબજ=શો કરોડ.
જેરવે=પાચન કરે, હજમ કરે.
પારદર્શક=જેથી આર પાર દેખાય એવું.
ભક્ષ= ખાવાનું, શિકાર.
ગળીએર=ગળીનારંગનું.
આમળા=આંટા, વળ
કુંડાળાં=ચકરડાં.
આકારના=ઘાટના, ડોળના.
સીપ=છીપાણી.
નકશી=કારીગરી.
કોહેલી=સડેલી.

પાઠ ૬૭.

વડોદરા શેહેરનું વર્ણન ભાગ ૧.

રમણિય= સુંદર, શોભાયમાન.
ગેંડો=એક જાતનું ચોપગું જાનવર.
પુણ્યશાળી = પુણ્યવાન.
રાજધાની=રાજગાદી
ફરતો = આસપાસ આવેલો.
ધર્મશાળા= ગરીબગરબા અથવા

મુચાફરોને ઉતર-વાની જગ્યા.
બેડોળ=ઘાટવગરનું.
તોપખાનું=જે જગ્યાએ તોપનોજ માલ કરી રાખ્યો હોય તે જગ્યા.

પાઠ ૬૮.

વડોદરા શેહેરનું વર્ણન. ભાગ ૨.

મોદીખાનું=સીધું સામાનવેચવાનીદુકાન
ઘીકાંટા=ઘી બજાર.
પુર્વજો=વડીલો.
કાંપ=લશ્કરીછાવણી
લશ્કર=ફોજ.

પાઠ ૬૯.

યુરોપ.

અરૂણનું=સૂર્યનું.
ઝગઝગેછે=ચળકેછે, પ્રકાશેછે.
વ્હેલ=મગરમચ્છ.
જળચર = પાણીમાં ઉત્પન્ન થતો અને તેમાં રહી જીવતો જે પ્રાણી તે.

નિર્મળ=સ્વચ્છ.
શિખર=ટોચ.
જવલે= કદાચજ, ભાગ્યે.
બોલી=ભાષા.

પાઠ ૭૦.

પરોપકાર. ભાગ ૧

અભણ=મૂઢ, મૂર્ખ, વિદ્યારહિત.
દરકાર=ફીકર, પરવા.
ખપ=જરૂર, તંગી.
રળવા=કમાવા, પેદા કરવા.
બરદાશ=સંભાળ, દરકાર.
અભણ=વગર ભણેલા, મૂર્ખ, અજ્ઞાન
લાગીશ=વળગીશ-
પરવા=દરકાર.
સ્થાપનકરવું=કહાડવું.

પાઠ ૭૧.

પરોપકાર. ભાગ ૨

સ્વધર્મી=પોતાનાધર્મનો.
ભાંડે=દે, ખરાબબોલ

અપમાન=અપ્રતિષ્ઠા, બે આબરૂ, અનાદર, બેઅદબી.
સદ્ગુણી=સારા ગુણ વાળો.
લાયક=યોગ્ય.
નીતિ=સારી ચાલ,
ભક્તિ=સ્તુતી.
પ્રસન્ન=રાજી, ખુશી.
વેરી=દુસ્મન,
કલ્યાણ= આબાદી, સારૂં થવું તે, શુભ, મંગળ.

પાઠ ૭૨.

ભલું ભુડું કરવા વિષે.

દૃષ્ટાંત=દાખલો.
કૌવચ=એક જાતનો વવળતો છોડ.
મોગરાનું=એક જાતના ફુલ થાયછે તેના ઝાડનું.
વાવ્યાથી=રોપ્યાથી.
અગત્યની=જરૂરની.
મારરૂપી=મારના જેવા.
મિઠાસના=ભલાઇના

પાઠ ૭૩.

ભલું ભુંડું કરવા વિષે.

આશ=આશા, ઉમેદ.
વંદન=નમન.
નિંદક=નિંદાકરનાર
સાલસ=સભ્ય.
પડછંદો=પડછાયો.
માનવી=મનુષ્ય, માણસ, પુરૂષ.
કહાવીએ=કહેવાડીએ.
કદાપી=કોઇ દાહાડો
ખાર=કીનો, દ્વેશ, વેર.
દોષ=ઠપકો.
શુણો=સાંભળો.
નંદો=નિંદા કરો.
ખંધું=લુચ્ચું, ઢોંગું
નિર્મળ=સ્વચ્છ, સાફ.
વદે=બોલે.
તુર્ત=તરતજ, તાબડતોબ.

પાઠ ૭૪.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૧૯.

લક્ષ=ધ્યાન, ચિત; લાખ.
ઓલાદ=વંશ, કુળ.
મિનારો=એકજાતની ગોળઉંચી બાંધણી
પક્કો=સજ્જડ.
ઉછરેલો=મોહોટો થયલો.
વેઠતો=ભોગવતો.
દરજ્જે=હોદ્દે, પદ્વીએ.
સુતારી=સુતારનું.

પાઠ ૭૫.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૨૦.

દ્રઢ=પક્કો, નીશ્ચય.
બંડ=બળવો, હુલ્લડ.
બદચાલ=દુરાચરણ.
બખેડો=બંડ.
અમલ= અખ્તિયાર, સત્તા.
આધીન=તાબે.
ગામ=દમ, જોર, પાણી
રક્ષણ=બચાવ.
ખુંચીલીધું=લઇલીધું, છીનવી લીધું.
આડોઆંક= બેહદ.
સંકટ=દુઃખ, પીડા.
ઝાંપાસુધી=દરવાજાસુધી.

પાઠ ૭૬.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૨૧.

ગાદી=તખ્ત.
લખામણી=લખાઇ
ફકીરી=ફકીરનાજેવી
બાદશાહ=રાજા.
અમીર=જેનેસરકાર તરફથી ખેતાબ, સરંજામ વગેરેમ જેવું હોયછે તે પુરૂષ, ઉમરાવ.
ખોટ=ભૂલ ચૂક.
દુભાવાય= કચવાય, દલગીર થાય.
વજીર=પ્રધાન, મંત્રી.
તાબામાં = સત્તામાં હાથમાં.
સત્તા=હુકમ, અખ્તિયાર, જોર.
હકીકત=બાબત, બીના, વર્ણન, વાત.
બુમાટ=પોકાર, સોર.
ઓલવી =સમાધાન કરી, મટાડી.

પાઠ ૭૭.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૨.

એલચી=સંદેશોલઇ જનારતથા લાવનાર, વકીલ.
સન્માન=આબરૂ.
વિસામો=આરામ.

દાવો=હક, લાગો.
ખુંચીલઈ = ઝુટાવી લેઈ, છીનવીલઈ
આશરે=આધાર.
છાયા=ઓળો.
કવીઓ=કવિતા કરનારા.
જુલમ = બળાત્કાર, જોરાવરી.
સદાચરણી = સારી ચાલવાળા.
દરજે=પદવીએ, હોદ્દે
અસીલ=ભલું, સાલસ.
ગણકારે=દરકારરાખે
બંડ=હુલ્લડ.
ગરદનમાર્યા=જીવલીધા, ડોકાં ઉડાવી દીધાં, ઠારકર્યાં.
સૂબો=સરદાર.
નિવડે=નિકળે, નીસરે
અણબનાવ=કુસંપ.

પાઠ ૭૮.

ભાગ=કમબખ્તી.
વેરી=શત્રુ, રીપુ.
બંભેર્યો,= ચડાવ્યો.
આડું=વચમાં.
અપમાન=અનાદર બેઆબરૂ.
ધીરજ=સબુરી.
એશઆરામ=મોજ શોખ, ચહેનબાજી
ઉદાસ=દલગીર, શોકાતુર.
નાદાન=અણસમજુ, અક્કલ વગરનો.
મતિ=અક્કલ, બુદ્ધિ, વિચાર.
દિવાન=વજીર.
દગોફટકો=કુડ કપટ, કાવતરૂં.
ઝેર=વીખ.
હોશ=સકાર, રામ.

પાઠ ૭૯.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૨૪.

સહવાસ=હળી મળી ચાલવું તે.
બળવો=હુલડ.
સંગત=સોબત.
અધિકાર=દરજ્જો, પદવી, અખત્યાર
ખાનદાનવાળા=મોટા કુળવાળા.
વાયવ્યખુણો= પશ્ચિમ અને ઉત્તરની વચેનો ખુણો તે.
વારામાં=વખતમાં.
ફતેહ=જય.
કટ્ટો=ખારીલો; હઠીલો; હરકત=અડચણ.

હરકત=અડચણ.
અપરાધ=વાંક,ગુન્હો
બુદ્ધિમાન=અક્કલવાળો, સમજુક.
ઝાંપો=ગામમાંથી બહાર નિકળવાનો જે રસ્તો તે.

પાઠ ૮૦.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૨૫.

કુપાત્ર= છકીગયલું, અમર્યાદ, ખરાબ
અણઘટતું=નાલાયક
તકસીર=ગુન્હો, અપરાધ, વાંક,કસુર
પરાજય=હાર.
લુટ્યા=ખાંધા,લાંઠ.
ફિતુરી=કજીઆખોર ફિસાદ કરનારા.
ગુનેગારો=અપરાધીઓ,તકસીરવાનો
જાસ્તી=વધારે.
પચાવી=દબાવી.
ધોરી=સિરધા.
અંધેર=ગેરબંદોબસ્ત, ગોંધળ.
સ્વાર્થી=મતલબ.
મનસુબો=વિચાર.

આડની=હદની, સીમાની.
સમાચાર=ખબર.

પાઠ ૮૧.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૨૬.

દ્રવ્ય=દોલત, પૈસો.
ઝવેર=હીરા માણિક વગેરે.
દરશન=ઝાંખી,ભેટ.
કુંવર=રાજાનો પુત્ર.
બેસુમાર=ઘણીજ.
ગુણો=અનાજ ભરવાની ગુણપાટની કોથળીઓ.
નિભાવ = ગુજરાન, નિર્વાહ, પોષણ.

પાઠ ૮૨.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૨૭.

વિશ્વાસઘાતી=વચન તોડનાર
કાળજું=હૈયું,છાતી
બદલામાં = પાડમાં, અવેજમાં.
નિશ્ચય=ઠેરાવ.
ઘેરીલાધા=કેદકીધા, ચોતરફથી કબજ કીધા.

વેહેમ=શક,સંદેહ.
સાન=ઇશારત, નિશાની.

પાઠ ૮૩.

ઇંગ્લાંડ.

ચઢિઆતો = વધારે સરસ.
લેખામાં=ગણત્રીમાં.
ગ્રેટબ્રિટન=ઇંગલંડને સ્કોટલંડ.
કપાસ = કપાસિયા સાથે જે રૂ તે.
નવાઈ=અચરજ.
આગબોટો=જે પૈડાંવાળું વાહાણવગળયંત્રના જોરથી દરિયાનીવાટ જલદીથી કાપેછેતે
નામદાર = પ્રખ્યાત, પંકાયલી.
સામાન=વસ્તુ,ચીજ
દર=હરેક.

પાઠ ૮૪.

માહારાણીજીની ગરબી.

અચળ=ચળેનહીતે, જાથુનું.
કરૂણા=દયા, અનુંકંપા.
કુશળ=સુખરૂપ,ક્ષેમં
વિધવિધ=ભાતભાતનાં.
સંહાર=નાશ.
હામ=હિંમત.
વિજયાકુંવરી=વધારે જીતવાળીછોકરી
અમરવેલ=જેનોનાશ નહીં થાય એવો વેલો તે.
કૃપાનાથ=ઈશ્વર.
અખંડ=આખો,પૂરો
સોહાગ=સોભાગ્ય.
પરિવાર=છૈઆંછોકરાં
દીપાવડો=દેખાવડો, શોભીતો.
સમાજ=મંડળી.
અફળ=ફળવિનાનો નકામો.
કૃપા=મેહરબાની.
હૈડામાં=મનમાં, દીલમાં.
હર્ષ=ખુશી.
કલ્યાણ=સુખ.
અમલ=રાજ, સત્તા.
દુષ્ટ=પાપી.
વિજય=વધારે જીત.
જગતપતિપણું=દુનિઆનું ધણીપણું
જોગ=લાયક.

અખૂટ=ખૂટે નહીં એવો.
કૃપાનિધી=દયાનાભંડાર.
જશ=વખાણ.
ઉમંગ=ખુશી,હરખ.
અથાગ=પારવનાનું
નિર્મળ=સ્વચ્છ.
ન્યાય=ઇનસાફ.
સુજશ=સારીઆબરૂ.
જામજો=જમાવ થજો, વધજો.
ગુણીજન =સદગુણી પુરૂષ.
રાજ સમાજ =રાજ મંડળ.
હામ=હિંમત.
રક્ષા=બચાવ,રક્ષણ.
જયજયકાર=જયજયજય, ખુશાળીનો અવાજ,ફતેહ.

પાઠ ૮૫.

ફૂટડાઇને માટે ટાપટીપ. ભાગ ૧.

ફૂટડાઇ=ખુબસુરતી, છેલાઇ.
ટાપટીપ=તાજમેલથી સણગારવું તે.
વિંધાવીને =કાણાં પાડીને.
હોંસે=ઉમંગે.
ડામ=ચપકો.
છાપ=બીબું.

પાઠ ૮૬.

ફૂટડાઇને માટે ટાપટીપ. ભાગ ૨.

શિકલ=ડોળ, આકાર, ચેહેરો.
નામાંકિત=નામીચો, પ્રખ્યાત, વિખ્યાત
કસર=ખામી, અપુર્ણતા.
ચીબું=બેઠેલું,ચપટું
બૂક=કાનની લાલી.
વજન=ભાર,બોજો.
બંગડા=ખોડા, અપંગ.

પાઠ ૮૭.

ફૂટડાઇને માટે ટાપટીપ.ભાગ. ૩.

કમર=કેડ.
પાંસળીઓ= પાંસાંતરની હાડકીઓ.
દરદ=દુ:ખ,ઇજા.
સણકા=ચસકા.

વાળી, કાંટો } સ્ત્રીનનાકે પેહેરવાનું માતીનુંઘરેણું.
પાંદડી, ચોકડાં } સ્ત્રીનેકાને પેહેરવાનું ઘરેણું.
ભમર= કપાળપરના કમાનઆકારના વાળ તે.
હડપચી=દાઢી.
મેશ=કાજળ.
સુણી=સુઝી.
રેખા=સોનાનીઝીણી મેખો.

પાઠ ૮૮.

અંબાજીનું વર્ણન ભાગ ૧.

ચોઘડીઉં=ચાર ઘડીએ જે વાગવામાં આવેછે તે.
ગૃહસ્થો= આબરૂદાર માણસો.
આરસપહાણ= લીસોચળકતોમોહોડું જોવાય એવો એક પથ્થર,સંગેમરમર,
માનતા=બાધા.
જાત્રા= સ્નાન પુજા ધર્મ દાન કરવા

માટે પવિત્ર જ-ગ્યાએ જવું તે.
સંહાસન=સીંહાસન, ગાદી.
સોકો= ૧૦૦ વર્ષને આંક તે.
સ્તંભે=થાંભલે.
સલાટ=પથ્થર ટાંક-નારા કડીઆ.
રાણો=રાજા.
ભેટ=નજરાણું.
પાળિઆ=પાળ, દોરણ.
લેખ=દસ્તાવેજ.

પાઠ ૮૯.

અંબાજીનું વર્ણન ભાગ ૨.

જવાળા= ઝાળ, ભભુકો.
કમાણી=રળતર, પેદાસ.
દશાંશ=દસમો ભાગ
ગુમાસ્તા=મેહેતા, વાણોતર.
બારસાખ = ચોકઠાં સહીત બારણું.
અર્પણ= આપી દેવું તે; દાન.
શાક=આબર.
ગબ્બર= એક ફાટેલો પાહાડ છે.
જ્વાળામુખી=બળતો પાહાડ.

પાઠ ૯૦.

માયાળુ સ્વભાવ.

નમીએ=પગે પડીએ.
ઇલાજ=ઉપાય.
આપસ્વાર્થી=આપમતલબી, એકલપેટું.
પરવા=દરકાર.
પરગજુ=પરોપકારી
ગોઠીઆ = દોસ્તો, સોબતી.
દોષ=પાપ.

પાઠ ૯૧.

કાળુ માછલી.

મછી=માછલાં પકડનાર.
ખડખડાટ=બે અથવા વધારે નક્કર વસ્તુસાથે અથડાયાથી જે અવાજથાય છે તે.
છાજલી=છાબડી.
ભચરડાઈ=કચડાઇ, ભીંચડાઇ.
ફસાઇ=સપડાઈ.

પાઠ ૯૨.

ચીના લોકોનીભોજનક્રિયા ભાગ ૧.

અગવડ=મુશ્કેલિવત, અઘરૂં પડવું તે.
વેલા=આપદા, દુઃખ.
વાનાં=ચીજો.
ફાવતું=ઠીક પડતું.
ટગરટગર=એકી નજરે.
કકડીને=ખુબ, ઘણી.
ઘેંસ=છાસદુધમાંજુવારનોલોટમીઠુંમસાલોનાંખીઉકાળી જે રાબડું બનાવવાંમાંઆવેછેતે.
ભાણું=જેમાં ખાવાની ચીજોપીરસેછે તે.
ગટગટાવીગયા=એકદમ પી ગયા.
ભોજનક્રિયા= જમવાની રીત.

પાઠ ૯૩.

ચીના લોકોની ભોજનક્રિયા. ભાગ ૨.

ચોરસ= જેની ચારે બાજુ સરખી તે.
ટોચ=અણી.
પરોણા=યજમાન.

ફાડીને=ચીરીને, ઉ-
ઘાડીને.
ઢાલવી=ખાલવી.
ખુમચો=છરતી ઢળ-
તી કોરણની મોટી-
થાળી.
કાવો=ખુન એસડ વ-
ગેરેનો ખુબ ઉ-
કાળો કરવો તે.
મોળી=મીઠાસ વગ-
રની.
સુરમ=સુગંધ, વાસ.

પાઠ ૯૪.

પાળીતાણાનું વર્ણન

સંઘ=સાથ, ટોળું.
ટૂંક=શિખર.
મોકળો=પોહોળો.
ઘાટ=ઓવારો, આ-
રો.
વિસામા=આરામલે
વાની જગ્યા.
વગડો=જંગલ.
શિલાલેખ=પથ્થરપર
કોતરેલા અક્ષરતે.
પેટે=ખાતે, બદલે.
ઊચકો=ઉધડું.
પુજારા=સેવાકરનારા
ઠાકોરની=રાજાની.
સદાવ્રત=ગરીબગુર-
બાને મફત ખા
વાનું આપવું તે.

પાઠ ૯૫.

આફ્રિકા. ભાગ ૧.

ભૂમધ્યસમુદ્ર=જમી-
નની વચે આવેલો-
સાગર.
કિરણ=સૂર્યનો સીધી
લીટીના આકાર
માંપડતો દેખાતો
જે પ્રકાશ તે.
દડની=રેતાલ.
વાયરો=પવન.
ઝાડપાન=વનસ્પતિ

પાઠ ૯૬.

આફ્રિકા ભાગ ૨.

વરસાવું = પાણીનું
આકાશમાંથી પ-
ડવું તે-
સારેછે=પુરી પાડેછે.
કાંપ=ચગું ક્ચરો
પાક=ફાલ.
ગુછીલી આળા = ગુ-
છાદાર.
નીમકહલાલ =કૂતરી.
હિંસારી=જીવલેનાર
ઝોળેઝોળાં=ટોળેટો-
ળાં.
ખુની=ખૂનકરનારા.

પાઠ ૯૭.

પીતાની સેવા.

ભાગ ૧.

છડો=એકલો.
હોટો=નાહાનો.
પાળીપોષી= ખવરા
વી પીવરાવી.
આભાર=પાડ, ગુણ
અંતરે=મનમાં.
શિક્ષા=શિખામણ.
વિવેક=માણસાઇ.
ભેદ=સમજણ.
કોટીકોટી= કરોડો,
લાખો.
અત્યંત=ઘણાંજ.
પાજી=નઠારો, કપુત.
રાંક=ગરીબડો.
દેહે=શરીરે.

પાઠ ૯૮.

પીતાની સેવા.

ભાગ ૨.

લાવ=લાહવો.
સજવું=કરવું.
નિરખવું = જોવું,
નિહાળવું.
જગંનાથ=ઇશ્વર.
હયાતી=જીંદગાની.

સેવના=ચાકરી.
ભાગ્યશાળી= નશીબવાળો.
તુચ્છ=હલકી.
ગાજી=ગવાઇ.
તાત=બાપ, પિતા.
સજ્યા=કીધા,રચ્યા
નેત્રમાં=આંખોમાં.
નીર=પાણી.
ભાવથી=હોંસથી.
શુભ=સારૂં,

પાઠ ૯૯.

હિંદુસ્તાનનો ઈતિહાસ. ભાગ ૨૮.
વેર=અદાવત,કીનો.
બેશુદ્ધ=ભ્રાંતીવગરનો
નીમકહરામી =કૃતઘ્ની.

પાઠ ૧૦૦.

હિંદુસ્તાનનો ઈતિહાસ-ભાગ ૨૯.
નસાડ્યા=હાંકીમુક્યા
અદેખાઇ=ઈર્ષા.
નિર્દય=ક્રૂર,ઘાતકી.

પાઠ૧૦૧.

હિંદુસ્તાનનો ઈતિહાસ. ભાગ ૩૦.
મજલ=ખેપ, ટપ્પો.
પાટવી=ગાદીનો અધિકારી.

પાઠ ૧૦૨.

હિંદુસ્તાનનો ઈતિહાસ. ભાગ ૩૧.
ખંડણી=કર,મેહેસુલ
આવકાર=આદરમાન.
હારી=જીતાઇ.
સમાપ્ત=અંત,છેડો.
સિંહલદ્વિપ=લંકા.

પાઠ૧૦૩.

હિંદુસ્તાનનોઈતિહાસ-ભાગ ૩૨.
નિમકહરામ=કૃતઘ્ન
અવિશ્વાસ= અપતીજ,અખિરાઈ.
પંડીતો=વિદ્વાનો.
અહંકાર= ગર્વ, અભિમાન.
બુદ્ધિવાન=અક્કલવાળો.
પાકા=મજબુત.
આબાદી=ચડતી દશા, સુખાકારી.
ખાનપાન=ખાવાપીવાની તજવીજ.
નીમ=પણ,ટેક,ઠરાવ.
સપરમે દહાડે= તેહવારને દહાડે.
ફતેહ=જીત.
ગુલામગીરી= દાસપણું, ખુશામત.

પાઠ૧૦૪.

હિંદુસ્તાનનો ઈતિહાસ. ભાગ ૩૩
મારા=જીવલેનારા.
ઘાતકી=નિર્દય, દુષ્ટ.
વજીર=પ્રધાન.
ઘાત=નાશકરવો તે.
માલિકો=ધણીઓ.
રંડીબાજી= છીનાળું
મોજ શોખ=ભોગ, વિલાસ.
સમાવતાં=નરમ પાડતાં.
રીબાવીને=ઘણું દુખ દઈને.
કારભાર=વહીવટ.
સર=તાબે,હાથ.
સંતોષ=તૃપ્ત.
વગના=તરફેણના.
નસંતાન=સત્યાનાશ

પાઠ૧૦૫.

હિંદુસ્તાનનો ઈતિહાસ ભાગ ૩૪.
રંગમેહેલ=મોજ શો

મ કરવાની ઇ-મારત.
દેવડી=મથક,મકાન.
રૈયત=પ્રજા.
ઓલાદ=વંશ,કુળ.
દુવાઇ=આણ.
બંદોબસ્ત=ગોઠવણ, તાળમેલ.

પાઠ ૧૦૬.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૩૫.
પંડે=પોતે.
સુબેદાર=સુબો.
કાયમ=બાહાલ, કબુલ.
મેલાપ=સમાગમ.
માંડવો=મંડપ.
ભાગજોગે=દૈવયોગે.
કાવતરું=કપટ,દગો, છળ, ખંધાઇ.
બનાવ=બીના.

પાઠ૧૦૭.

અમેરિકા.
ગોળાર્ધ=અડધો ગોળ.
વાહાણવટી=નૌકાશાસ્ત્ર જાણનાર.
સમાધાન=સમતોલ, બરાબર.
કકડા=ભાગ.
સેબિરિઆ=એશિયા ખંડમાં એક દેશ છે.

પાઠ ૧૦૮.

ખોટો વેહેમ ભાગ ૧
વેહેમ=શક,શંકા.
અણસમજુ=અજ્ઞાન, સમજવગરના.
ભૂત=પીશાચ.
ઝોડઝપટ=ભૂતનીઝપટ.
નજર=દ્રષ્ટી.
પ્રકારના=રીતના.
સમજુ=જ્ઞાની, અકલવાળા.
ગંધ=ખરાબવાસ.
અંગારા=બળતાકોયલા.

પાઠ ૧૦૯.

ખોટો વેહેમ ભાગ ૨.
પ્રયોગ=ક્રિયા.
મંછા=મરજી,ઇચ્છા.
શંકા=વેહેમ, શક.
કુલ્લી=કસલીજેવું બનાવેલું માટીનું ઠામ.
લગડી=સોનાની ઢાલકી.
પડછાયો=ઓળો.
કશર=ખામી.
પરસેવ=ફુગ.
યુક્તિબંધ = જુગતી સાથે.
ચોકસાઇ=ખબરદારી, સંભાળ.
ડાકણ=ભૂતની એક જાત.

પાઠ ૧૧૦.

ખોટો વેહેમ ભાગ ૩
વંત્રી=ડાકણ,ચુડેલ.
આણ=સમ, સોગન.
રોણ=તોફાન,ધાંધલ
ચાંદરણું=ચંદ્રનોપ્રકાશ તે.
હામ=આય, હિંમત.
ચોકીવાળા= પોહોરેગીર, સિપાઇ.
ડામચિઓ=લાંબીને ઊંચી એવી માટી માચી.
વિખ્યાત=પ્રખ્યાત.
ફાસફરસ=(રસાયણ શાસ્ત્રમાં) મૂળતત્વમાંનો એકજવાળાગ્રહીએટલે હવામાં ખુલ્લોમુકવાથી સળગીઉઠે એવો પદાર્થ છે.

પાઠ ૧૧૧.

ખોટો વેહેમ ભાગ ૪.

વશીકરણ=વશ કરવાની વિદ્યા.
અપશુકન=અમંગળ સૂચક ચિન્હ.
શુકન=ફતેહ બતાવનારી નીશાની.
પોગળ=જેમાં કંઇ સાર નહીં એવું ખાલી તે.
ભુવાને=ભૂત કાઢનારને.
ઉતાર=ભૂત કાઢવા માથે ઉતારેલું ધાન વગેરે ચકલે મુકવામાં આવેછે તે.
અજમાવવું=તપાસવું.

પાઠ ૧૧૨.

ચોરીના માલ વિષે.

પારો=એક જાતની રૂપા જેવી ચળકતી પ્રવાહી ધાતુ.
હરતાળ=એક જાતની સોનાના રંગ જેવી ધાતુ.
કાળ=મોત.
ઉપડે=ઉપર આવે.
ખાસડાં=ચામડાં, જોડા.
કુડાં=ભુંડા, હૈયા મેલાં.
આળ=તોહમત.
ઝાળ=આંચ, અગનીનો ભડકો.
લખમી=દોલત.
તાલ=રમુજ, ખેલ.
ભછું દર=ચેણ.
છીંડે=વાડીમાંથી જવા આવવાને પાંડેલું જે બાકું તેમાં.
છૂટ=જગા.
ફાસ=સરાક.
સાલ=એક જાતનું લાકડું.
થોભ=અટકાવ.
મોભ=ભારોટિયો.

પાઠ ૧૧૩.

ડાકોરનું વર્ણન.
ભાગ ૧.

પ્રસિદ્ધ=નામીચું, પ્રખ્યાત.
ધામ=ઠેકાણું, જગ્યા.
ઢાળીઆં=ઢાળવાળા છાપરાં, કાતરીઆં.
ગૌશાળા=ગાયઢોરને બાંધવાની જગ્યા.
નગારખાનું=નગારા વગાડવાની જગ્યા તે નોબતખાનું.
ચોરસીઆ=ચોરસ કકડા.
મંડપ=માંડવો.
કઠેરા=ગોખ, ગ્યાલરી
કમાડ=બારણું.

પાઠ ૧૧૪.

ડાકોરનું વર્ણન.
ભાગ ૨.

સિંહાસન=સિંઘાસન, ગાદી.
ઝાકઝમાળ=સાફ ચકચકતું, શોભીતું.
છપરખાટ=પલંગ.
શણગાર=ઘરેણાં, આભુષણ.
સેન=સુવાનો ઓરડો
જાત્રા=મેળો.
ખરીદી=વેચાતું લીધેલું તે.

પાઠ ૧૧૫.

ડાકોરનું વર્ણન.
ભાગ ૩.

અંગે=તાબામાં, હાથમાં.
બાગ=બગીચો.
આરા=ઓવારા, ઘાટ.
કમળ=પાણીમાં પે-

હાથનું લાંબી હાંડીનું ફળ.
દેવસ્થાન= દેવળ,મંદીર.
મંદીર=દેહરૂં.
સાધુ=વેરાગી, સંત
બીચોબીચ= પાસે-પાસે.

પાઠ ૧૧૬.

ઘાત. ભાગ ૧.

ઘાત =હત્યા, મારી નાખવું તે.
ઈસ્પિતાલ = બીમાર ખાનું.
દાકતર=વૈદ, હકીમ, તબીબ.
કળતર=વેદના,ગટકા ભરેછે તે.
કરાર=ચેહેન, નિરાંત, આસાએસ.
ઝારવું=ઉનાપાણીથી શેક કરવો.
બળતરા=આગ,લાહાય.
જળો=એક જાતના લોહી પીનારાજીવડા.
કડાકો=અવાજ.
મુડદાલ=મુડદાજેવો.

પાઠ ૧૧૭.

ઘાત. ભાગ ૨.

મંઠાઈ=બંધાઇ,ગાંઠ બાઝી.
ઘા=જખમ
કસ્તર= ઘણી વસ્તુઓનો ભેળાઇ ગયલો ઝીણો ભુકો; કચરો.
ટેભા=ટાંકા.

પાઠ ૧૧૮.

ઘાત ભાગ ૩.

ફેફસાં=શ્વાસલેવાની ઇંદ્રીઓ.
શ્વાસોશ્વાસ=દમ.
ઉલટી=ઓકારી.

પાઠ૧૧૯.

આસ્ટ્રેલિઆ.

વિકટ=ભયંકર.
અનાડી=મૂર્ખ, બેવકુફ.
ઝાળેઝાળાં=ટાળેટાળાં
વતની=સ્વદેશી.

પાઠ ૧૨૦.

પાટવીકુંવરભાગ૧.

કોરટ=ન્યાયમંદિર. દરબાર, કચેરી, અદાલત.
ન્યાયાધીશ=ઇનસાફ કરનાર.
અદાલત=કચેરી.
ખાતર=વાસ્તે,કાજે, લીધે, માટે.
તરફદારી=પક્ષપાત.
બેહેકેલો=છાકેલો,મગરૂબ.
કુકર્મ=ખરાબકામ.
ઇનસાફ=ન્યાય ચુકાદો, ફેસલો.
ગુનેગાર= અપરાધી; તકસીરવાન,અન્યાયી.
સ્નેહી= મિત્ર, ભાઇબંધ,દોસ્તદાર.
ક્રોધ=રીસ,ગુસ્સો.
બેઅદબી= અમર્યાદા,અપમાન, તોછડાઇ.
પાદશાહ=રાજા,બાદશાહ.

પાઠ ૧૨૧.

પાટવીકુંવરભાગ ૨

નિર્ભયપણું=અભયપણું,હિંમત.
ઉમરાવ=અમીર.
આતુર=હોંસીલું.
દુરાચરણી=કુલક્ષણી

ફરમાયા=પગાર, મુસારા.
વીલા=ઝાંખા.
સમરથે=સુધરથે.
નભે=ગુજારો થાય.
લાયકીથી=ભલમનસાઈથી.

પાઠ ૧૨૨.

સપૂત કપૂત વિષે છપ્પો.

સપૂત=સારો છોકરો.
કપૂત=નઠારો છોકરો
છિદ્ર=કાણું, ખામી.
સવાઇ= સવાગણું.
કલંક=ખામી એબ.
વહેવાઇ=કામમાં આણી.
જૂઠ=જૂઠાણું.
નૂર=તેજ.
લજવ્યો=શરમાવ્યો.
કવિજન=કવિતા કરનાર લોક.
સકળ=બધા.
બાપીકો=બાપનો.
બોળે=ડુબાડે.
આધીન=તાબે.
થકી=થઇને.
મરજાદા=અદબ.
ખોલે=ઉઘાડું કરે.
હસમુખો= આનંદી.

પાઠ ૧૨૩.

એકલશૂરો છોકરો ભાગ ૧.

એકલશૂરો=જાતે બહાદુર.
ઉદમાત=તોફાન, ઢીંગામસ્તી.
લક્ષણ=આચરણ.
છાતીવાળો=હિંમતવાન.
ચપળ=ચાલાક.
સરદાર=મુખ્ય, ઉપરી
અધુરો=બાકી, કમ, ઓછો.
ઉદ્યોગ=મેહેનત.

પાઠ ૧૨૪.

એકલશૂરો છોકરો. ભાગ ૨.

નિભાવ = ગુજરાન. પોષણ.
મહા=ઘણી.
રાંડીરાંડ=વિધવા બાયડી.
વેલા=અડચણ, અવધડ.
ભરણ પોષણ= પાલણ પોષણ.
શિક્ષક=શિખવનાર, મેહેતાજી.
તુરંગ=વિચાર.

પાઠ ૧૨૫.

એકલશૂરો છોકરો. ભાગ ૩.

વહાલ=પ્યાર.
લાજ આવે=મરી જાય.
સરદારી=ઉપરીપણું
મળતાવડો=હળીજાય એવો.

પાઠ ૧૨૬.

મહાસાગર.

ભંડાર=ખજાનો.
ખડક=ખરાબો.
ખરાબો=પાણીથી ઢંકાયેલો ખડક.
ગાળીઓ=ગાળા.
લગભગ=નજદીક.
કલ્પ્યા = કલ્પનાથી આપેલા.
વિસ્તાર= લંબાણ; પ્રસાર.

પાઠ ૧૨૭.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૩૬

ધારણ=માન્ય, સ્વીકાર.
ચરિત્ર=બાહાદુરીનું કામ.
ઝીણી=બારીક.

વાપરવાની=ઉપયોગ માં આણવાની.
વેરો=કર, ફાળો.
વોહોરવાને = ખરીદ કરવાને.
સાટે=બદલે.
કળકળાટ=ગોંગાટ.

પાઠ ૧૨૮.

હિંદુસ્તાનનો ઇતિહાસ-ભાગ ૩૭.

ઉતરડી=સોરી.
સમ્યો = નરમપડયો, સમાધાન થયો
બળવાખોર = હુલ્લડ કરનાર.
ગોઠવણ= તાલમેલ, બંદોબસ્ત.

પાઠ ૧૨૯.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૩૮.

આવકાર= આદરમાન.
ફંટાયો=આડોવળ્યો
સ્વતંત્રતા= આપઅખ્તિઆરી.
રદ=ખોટા.
બરતરફ= ચાકરીથી રજા આપેલી.

પાઠ ૧૩૦.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૩૯.

દવાખાનું=ઔષધ-શાળા.
હમામખાનું= નાહાવાનો ઓરડો.
તરાપા=સાકટા ઉપર પાટિયા બાંધીને હોડીની માફક ચલાવે છે તે.
પૌત્ર=છોકરીકે છોકરાનો છોકરો.
અદલ=વાજબી,ખરૂં
દયાવંત=દયાવાળો.
ઉઘરાતદાર=તેહેસીલદાર,પટેલ,તલાટી.
બદીનહીં=તાબે થઇ નહીં.
રાજચિન્હ = રાજની નિશાની.

પાઠ ૧૩૧.

હિંદુસતનાનો ઇતિહાસ ભાગ ૪૦.

અભયવચન=જેવચનથી ભય ન રહે તેવું આતરીનું વચન.
કોગળીઉ= અપોક, વાખો,કોલેરા.

ગેરબંદોબસ્ત=ખાલમેલ, અંધેર કારભાર.

પાઠ ૧૩૨.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૪૧.

ઉપમા=સરખાપણું, દૃષ્ટાંત,મિસલ.
આસ્તિક=ઇશ્વરવાદી.
નાહક=સ્વાર્થ વગર.
હકુમત=અમલ.
એકલપેટા=આપમતલબી,સ્વાર્થી.
બાદશાહી=રાજયગાદી.

પાઠ ૧૩૩.

અમેરિકા નાઈંડિઅનલોક ભાગ ૧.

વાયદા સર = કહેલે વખતે.
અપઘડી=તરતજ.
સઇ=દરજી.
ધૂમટોતાણી = લાજ કાઢી.

પાઠ ૧૩૪.

અમેરિકાના ઈંડિઅનલોક ભાગ ૨.

અડીંગી=ટેકો દેઈ.

બીરાજી=દીપી.

ટકાઉ=ટકેએવાં, મજબુત.

ચાપચીપીઆ=ચીકણા.

પાઠ ૧૩૫.

ખુંધીછોડી ભાગ ૧.

બેડોલ=કદ રૂપું.

બેઢંગું=કઢંગું.

શામેલ=દાખલ.

બહાવરૂં = આકળવિકળ, ગભરાઈ ગયલું.

ખુંધ=વાંસાનીવચ્ચમાંથી બહાર નિકળી આવેલો જે ભાગ તે.

રૂપ=આકાર.

દિંગ=અજબ,થીર.

પાઠ ૧૩૬.

ખુંધીછોડી ભાગ ૨.

બાવા=ગોંસાઈ.

જટા = આખે માથે રાખેલા લાંબા અને ગુંચવાઈ ગયલા જે વાળ તે.

ડાંગ =લાંબી જાડી લાકડી.

થર થરી ગયાં=ધ્રુજી ગયાં,કાંપીગયાં.

એતરવા=ચકરડું.

ઉઝરડા= નખોડીયાં, કાપા.

ચીલો=બરેડ.

પાઠ ૧૩૭.

ખુંધી છોડી ભાગ ૩

દિલાસો=મનનું સમાધાન,હિંમત.

લોથ=લાસ.

ફાળપડી=ધાસ્તી લાગી.

વીતેલી=થયલી,ગુજરેલી.

પાઠ ૧૩૮.

ખુંધીછોડી ભાગ ૪.

વિસામો=આરામ.

ખાર=કીનો,દ્વેશ.

માફ=ક્ષમા.

કોપ= ક્રોધ, ગુસ્સો, રીસ.

દોહીલી=મેહેનત.

પાઠ ૧૩૯.

પૃથ્વીનો આકાર.

આંક ૧.

ગગન=આકાશ.

કુંડાળું=ઠીરવાં.

ઉપસેલી=ફુલેલી.

જોશી=જ્યોતિષજોનારો.

વખુટા=જુદા.

ઢાળ=ઢોળાવ.

પાઠ ૧૪૦.

પૃથ્વીનો આકાર.

આંક ૨.

સંદેહ=શક.

ભાસે=લાગે,દીસે.

પાઠ ૧૪૧.

વ્યાકરણનોસાર.

ભાગ ૧.

વિભક્તિ='એકશબ્દનાબીજાસાથક્રિયા વગેરેનો સંબંધ દેખાડનારા પ્રત્યય.

સંબોધન= આઠમી વિભક્તિ.

પાઠ ૧૪૨.

વ્યાકરણનો સાર.

ભાગ ૨.

વિશેષણ = જે શબ્દ બીજાશબ્દોનો ગુણ સંખ્યા વગેરે દેખાડેછેતે.

રૂપ=આકાર.

પાઠ ૧૪૩.

વ્યાકરણનો સાર.

ભાગ ૩.

ક્રિયાપદ=ક્રિયા,સ્થિતિવગેરેબતાવનાર શબ્દ.

શક્યભેદ= થઇ શકે, થઈ શક્યું અથવા થઇ શકશે એવું જે બતાવેછે તે.

સકર્મક=કર્મસહિત.

વર્તમાન=ચાલતીવેળા.

અકર્મક= કર્મરહીત.

ભૂત=ગયલીવેળા.

મૂળભેદ=છે હતુ અથવા થશેએવું નક્કી બતાવેછે તે.

ભવિષ્ય = આવતો કાળ.

પાઠ ૧૪૪.

વ્યાકરણનો સાર.

ભાગ ૪.

ઉભયાન્વયી=બેશબ્દ કે વાક્યને જોડનારો શબ્દ.

શબ્દયોગી= શબ્દની સાથેજોડાયલો ને ક્રિયાપદની સાથેસંબંધરાખેછે તે.

કેવળપ્રયોગી=હરખ શોક ઘભરાટ વગેરે બતવનાર.

ક્રીયાવિશેષણ= કેકાણું, રીત, ક્રિયાનકાર વગરે બતાવતાં છતાં ક્રિયાપદનો ગુણ બતાવેછે તે.

અવ્યય=જે શબ્દના રૂપમાં કોઇ પણ રીતે ફેરફાર નહી થાય તે.

ઉભરા=જોસ્સા.

પાઠ ૧૪૫.

સંપવિષે.

બીમાર=માંદું.

પેહેરણ=પેહેરવાનું.

અતુળ=તોલવિનાનું ઘણુંજ.

અબળ=શક્તિવનાનું,દુબળું.

સબળ= શક્તિવાન, જોરાવર.

જુથ=જથાબંધ.

મતિ=બુદ્ધિ.

સુસંપ= સારોસંપ.

સંપતિ=પૈસો,દોલત.

સાંપડે=મળે.

ઝુંડમાં=ઝાડનાટોળાં.

છેદેભેદે=ભાંગે, કાણાં કરે.

તસ્કર=ચોર.

ત્રાસ=ભય,ધાસ્તી.

ધુકાવે=સુકવે.

પાઠ ૧૪૬.

ચોખ્ખો વેહેવાર.

ભાગ ૧.

કાવતરૂં =કપટ,દગો, છળ, બંધાઇ.

દામ=પૈસા..

માપ=ભરત.

તોલમાં = ભાવમાં, કિંમતમાં.

ઘરાક= માલ ખરીદ કરનાર.

પાઠ ૧૪૭.

ચોખ્ખો વેહેવાર.

ભાગ ૨.

બલા=પીડા.
બાહાને= નિયમીતે.
ન્યાલ=પૈસાદાર.
અધર્મ=નાસ્તીક પણું, અનીતિ.
વકર=ભાર,આબરૂં.
જે=જય,જશ, ફતેહ, આબાદી.
ખે=નાશ,પાએમાલ, સંહાર,
સોદો=માલ.

પાઠ ૧૪૮.

બોલ્યું પાળવા વિષે

વીર=શક્તિવાન.
લબાડી=બોલ્યું નહીં પાળનાર તે.
સત્યવાદી=સાચું બોલનાર.
વેણ=બોલ.
ઉરે=મનમાં.
અનાદી= શરૂઆત વનાનું.
ચર્ણ=પાય, પગ.
કાટે=કરડે.
વારી=વખત.
એજરંગ=એજરીતે.

પાઠ ૧૪૯.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૪૨.

રાજપાટ=રાજ્યગાદી.
અમલ= સત્તા, અખ્તિઆર.
અદલ=વાજબી,ખરૂં
પ્રાર્થના=સ્તુતિ.
તિરસ્કાર=ધિક્કાર.
આકીન= આસ્થા, પતિજ, ભરોસો.
સમાધાની = સલાહ.
ગુજરી=મરી.
તખ્ત=ગાદી.

પાઠ ૧૫૦.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૪૩

બાલચરિત્ર = બાળપણના બાહાદુરીનાકર્મ તે.
આદી=ઇત્યાદી.
અવિચારી= વિચાર વગરના.

પાઠ ૧૫૧.

હિંદુસ્તાનનો ઇતિહાસ. ભાગ ૪૪.

અંકોડાબંધ = હારબંધ,આકડાબંધ.
પાયદલ= પગેચાલતું લશ્કર.
ધુલીઓ=ધુળનો.
સાથ=લાસ.
ભરતખંડ=હિદુસ્તાન
સંગની=સાથની.
સાંકડે=કબજે.
ધડકવા=ધુજવા.
કુરાન= મુસલમાનનું ધર્મ પુસ્તક.
બારેવાટે=વેરણએરણ
તાબા=કાયર.

પાઠ ૧૫૨.

હિંદુસ્તાનનો ઇતિહાસ ભાગ ૪૫.

આયુષ્ય= આવરદા, જીંદગી.
પ્રદક્ષિણા=આસપાસ ગોળફરવું તે.
શોક = લંપટપણું, છંદ.
આરસની=સંગેમરમરની.
વૃતાંત=હેવાલ, વર્ણન
ઇબારત=બોલવા લખવાની ધપ.
નેહેરો=નાળાં,નીકો.

પાઠ ૧૫૩.

લાલચ.

ઝૂમી=લટકી.
દાઢશળકી=ખાવાનો સ્વાદ થયો.
નિશાન=કિંમત, જીવ, માલ, દમ.
પસ્તાયો=દલગીર થયો.

પાઠ ૧૫૪.

ક્ષમા. ભાગ ૧.

ક્ષમા=માફ.
અણબનાવ=કુસંપ, જુદાઇ.
સાલસ = અસરાફ, પ્રમાણિક.
અદાવત=વેર, દુસમનાઇ.
કમનશીબ= અભાગ્ય.
નિર્ધન=ગરીબ.

પાઠ ૧૫૫.

ક્ષમા. ભાગ ૨.

ફેંદીનાંખવું= ચુંથી નાંખવું.
કઠાપો = અફસોસ, દલગીરી.
ભંગ=ફોક.
જોમ=જોસ્સો, જોર.
નિયમ=ધારો.

પાઠ ૧૫૬.

ક્ષમા. ભાગ ૩.

ચોળાચોળ=પડપૂછ.
રોપ્યા=વાવ્યા.
ઠીકઠાક=બરાબર.
કાળ=જમરાજા.
મરણતોલ=મરવા જેવો.
અધમુઓ=મરણતોલ
જળજળીઆં=આંખમાંપાણી ભરાઇ આવવાં તે.

પાઠ ૧૫૭.

ક્ષમા. ભાગ ૪.

રહેણી=ચાલ, રીત ભાત.
ભલામણ=સીપારસ
અબઘડી=હમણાજ.
નામ=જરાએ.
આચરણ=ચાલ ચલગત.

પાઠ ૧૫૮.

ક્ષમા. ભાગ ૫.

પરઠણ=બંદોબસ્ત.
જાન=નુકસાન, બગાડ.
ખરખરો= પસ્તાવો.
બલા=પાપ, પીડા.
સામર્થ્ય=જોર, બળ
ગળતે ગળતે= ધીમે.
ખટપટ = હલામણ ભાંજગડ.
ભાવ=આરતા.

પાઠ ૧૫૯.

ફષ્ટ નષ્ટાંષ્ટક.

કળાપો= કળકળાટ.
વિલાપ=દુખનો પોકાર, રૂદન.
નષ્ટાષ્ટક =નહીં થવા વિશે આઠ છંદ.
વારે=મદદે.
તથાપિ=તોપણ.
દીન=ગરીબ.
વૃથા=વ્યર્થ, મિથ્યા, ફોકટ.
પુંગે=પુંચા
કૃપાનાથ=દયાળુ ધણી.
દયાવંત= દયાળુ, કૃપાળુ.
કથા=વાત.
વાદ=તકરાર.
શિરે=માથે.
થાપો=મુકો.
સંતાપ=ફિકર.
શ્રેષ્ટ=મોટા.
શોકસિંધુ=શોક રૂપી દરિયો.
સદ્ય=જલદી.
પ્રલે=નાશ કરવું.

સર્વથા=સર્વપ્રકારે.
સર્વદા=હંમેશ, રોજ.
શુદ્ધ=ખબર.
અંતરે=મનમાં.
વેગ=ઝડપ.
દૃષ્ટિ=નજર.
કષ્ટનષ્ટાષ્ટક=દુખનાશ પામે એવા આઠ પદની કવિતા.

પાઠ ૧૬૦

ત્રણ દૈત્યની વાત. ભાગ ૧.

દૈત્ય=રાક્ષસ.
વરતારી=પરિવારવાળા, પનોતા.
કલ્યાણ=ભલું.
ઉતારો=મુકામ.
કોઢારૂં=ઢોરબાંધવાની જગ્યા.
ઢાળી=નાખી, પાથરી

પાઠ ૧૬૧.

ત્રણ દૈત્યની વાત. ભાગ ૨.

ડામાડોળ=ડગમગ, ઝોકાખાતું.
ગરક=ડુબી ગયલું, બેઠેલું.
આગણોતરા=સન ૧૮૬૯નો શાલ.
વખા=ખાવાપીવાની વેલા.
રાચરચીલું=સરસામાન.
ઓજાર=હથીઆર.
ટાંકયા=ખીલાથી ઓબા મારયા.
ચમત્કારી=નવાઈનું અજબ પમાડેતેવું.
રમૂજ=મજા, ગમત.
ખંચાઈને=અચકાઈને.
બિહામણું=ડરામણું વિકરાળ.
નિહાળીને=નીરખીને, ધારીધારીને.

પાઠ ૧૬૨.

ત્રણ દૈત્યની વાત. ભાગ ૩.

રાક્ષસ=દૈત્ય.
પલાણ=બેસણું.
હોઇયાં=એકદમ ખાઈજાય.
ભળમનસાઈ=સાલસાઈ, દાનાવપણું
સપાટાબંધ=ઝડપથી.
ફાળ=હેબક, ધાસ્તી.
પુછપરછ=પડપુછ.
દરકાર=ગરજ, ફીકર

પાઠ ૧૬૩.

ત્રણ દૈત્યની વાત. ભાગ ૪.

સરદી=ભીનાસ, હવા.
મેડો=માળ.
સ્વાધીન=હવાલે, તાબે.
કરવત=વેહેરવાનું હથિઆર.
કાલાવાલા=ખુશામત, આજીજી.
પટલાણી=પટેલની બાયડી.

પઠ ૧૬૪.

ત્રણદૈત્યની વાત. **ભાગ ૫.**

ભેટ=નજરાણું.
અલમસ્ત=મદમાતું, જોરમાં આવેલું.
મસ્તાન=તોફાની, ઉદમાતી.
ખુમરાણ=કળકળાણ, ઘોંઘાટ.
જીજ=હલકી, જીજવી.
મેળાપ=સમાગમ.
સંતાપે=દુખદે, પજવે.

પાઠ ૧૬૫.

ત્રણદૈત્યની વાત.

ભાગ ૬.

ચરચા=વાત, બુમાટો

મગતરૂં=એકજાતનું જીવડું.

પારદર્શીક=જેનીઆર પાર દેખાય તેવું.

બેસણે=આસને.

ચીડવું=ખીજવું.

અચંબો= આશ્ચર્ય, વિસ્મય, કૌતુક, ચમત્કાર.

ફફડાવી=જોરથી હલાવી.

શેઠાણી=શેઠનીસ્ત્રી.

પાઠ ૧૬૬.

ત્રણદૈત્યની વાત.

ભાગ ૭.

બો=ગુફા, કોતર, બખોલ.

તરાપો=ત્રાપો, તર.

સડસડાટ = ઝપાટાબંધ.

જબર=જિદ, હઠ, બોંહોસ.

મિજાજ=પ્રકૃતી.

બડબડતો=લવલવતો.

શમરી=સુંદરી.

પ્રકારનું=રીતનું, તરેહનું

પાઠ ૧૬૭.

ત્રણદૈત્યની વાત.

ભાગ ૮

ભાળ=ખબર, શોધ, તપાસ.

ઉષ્ણતા=ગરમી, તાપ, ઘામ.

કુંડ=બાંધેલું તળાવ.

વિમાસવા=વિચારવા.

પાઠ ૧૬૮.

ત્રણદૈત્યનીવાત.

ભાગ ૯

ડાટો=ડટ્ટો.

સજ્જડ=મજબુત.

વેહેલા = અડચણ, વિપત્તી.

પાઠ ૧૬૯.

ત્રણદૈત્યની વાત.

ભાગ ૧૦

દોલતવાળા=દ્રવ્યવાન, પૈસાવાળા.

ધન્યછે=શાબાસછે.

પસારીશ = પોહોળી કરીશ.

ઝપાટાબંધ=સડસડાટ.

પાઠ ૧૭૦.

ત્રણદૈત્યની વાત.

ભાગ ૧૧

અથડાવું=રખડાવું.

ખીજાય=ગુસ્સે થાય, કોપે.

બાથંબાથા=સામાસામી.

વૈભવી=મોજમજાકરનારા.

રાજી = ખુશી.

અક્કલ=બુદ્ધિ.

ઉત્પન્ન=પેદા.

વેહેળા=નાળાં, ઝરા, નદી.

જળચક્કી=પાણીના જોરથી ચાલતી ચક્કી, ઘંટી.

પાઠ ૧૭૧.

ત્રણ દૈત્યની વાત.

ભાગ ૧૨

પવન ચક્કી=પવનનાજોરથી ચાલતી ઘંટી.

લક્ષ = ધ્યાન, મન, ચિત્ત.

સોબતીઓ = સાથીઓ.

ઉપાય=ઇલાજ.

ખાતા=ભાગ, કામનીવેહેંચણ.

મણા=ખામી.
વેળા=વખત, સમય.
આગ્રહ=હઠ, બળા-
ત્કાર, મોંહોંસ.

પાઠ ૧૭૨.
નામ વિષે.

વનિતા=સ્ત્રી, બાયડી
દાવાનળ= વનમાંનો
અગ્નિ.
સૂત્ર=સુતર.
મેડક=દેડકો.
જસું=જેવું.
મહિમા=મોટાઈ.
વિરલો=કોઈકજ; બ
હાદુર, દુર્લભ.
રણછોડ=દેવાથી છો-
ડવનાર.
ખોડ=ખામી, આંપણ
સુરજી=સુરજ.
પેર=રીત.
દામ=પૈસો.
મંગળ= સુભકારી,
સારૂં.
સુખમલ=સુખવાળો
કલ્યાણ=ભલું, સારૂં.
પુઠ=પાછળ.
પલાણ=ભરેલું, ચ-
ઢાવેલું.
પનોતા=ઘણાં છોક-
રાં વાળો.
હીર=રેસમ.
ધનપાળ=દોલત સા-
ચવનાર; કુબેર
ભંડારી.
ધરણીધર=પુરથીધર-
નાર, પરમેશ્વર.
ગિરધર=પર્વત ધર-
નાર.
શિખ= શિખામણ.
પ્રતાપ=કીર્તિ.
પ્રીછે=જાણે, ઓળખે
નીર=પાણી.

પાઠ ૧૭૩.
નઠારા ચાલ.
ભાગ ૧.

મૂરખાઈ=બેવકુફાઈ
નરસાં=માઠાં, ખરાબ
છોડી=મુકી.
એકસંપ=એક વિ-
ચાર, એક દિલ.
ખાદી=દોટી.
પુસ્તક=ગ્રંથ, ચોપડી.
સરતાં=સોંઘાં.

પાઠ ૧૭૪.
નઠારા ચાલ.
ભાગ ૨.

વારામાં=વખતમાં.
વહેલમાં=અસ્વારી-
ની ગાડીમાં.
ફરક=તફાવત.
લાંછન=ગટ્ટો, ડાઘ.
અટકળ= આસરે,
સુમાર, અડસટો.
ધરારત=લાયક.

પાઠ ૧૭૫.
ખોદે તે પડે.

આશિર્વાદ= આશિ
શ, દુવા.
હજુર= ખિજમત,
સેવા, ચાકરી.
ઈર્ષા=અદેખાઈ, દ્વેશ
અડાડીને=અડકાડી
ને.
કૃપા=મેહેરબાની.
દક્ષણા=બ્રાહ્મણને પૈ-
સા આપવા તે.
પસ્તાયો=દલગીર થ-
યો, ખેદપામ્યો.

પાઠ ૧૭૬.
પાકું હૈયું.

ફગવું=બોલ્યું નહીં
પાળવું.
ફિટકાર=તુચ્છકાર,
ધિક્કાર.
ડગમગતું=હલતું, પડતું
યતું.
મરદ=પુરૂષ, આદમી
પરાક્રમ=મોહોટાં કા
મ.

વખાણ=તારીફ.
ઉલટ=હોંસ.

પાઠ ૧૭.

આબુનું વર્ણન.

ગિરીરાજ=પર્વતનો રાજા, મોટો પર્વત.
ખ્યાત=પ્રખ્યાત.
મિષ્ટ=મીઠો.
સ્વાદુ=સ્વાદવાળો.
સોમ=ચંદ્ર.
વીજ=વીજળી.
આબુ=ગુજરાતની ઉત્તરમાં પર્વતછે.
ઝુકી=નમી.
નિર્મળ=સ્વચ્છ.
શીળો=થંડો.
વાયુ=પવન.
ઓપે=સારા દેખાય.
રોજગારી=વેપારી.
પ્રસેવો=પસીનો.
પરાં=વેગળાં.
ટેવો=ધારો.
જૈનનાં=શ્રાવકધર્મીનાં.
આંબુદાસ્થાન=દેવીછે.

સૂચના.

નીચે લખેલી ચોપડીઓ મુંબઈમાં કાળકાદેવીના રસ્તાપર રામવાડી પાસે મનોરદાસ રૂપજીની દુકાનેથી અને મસજીદ બંદરપર ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાંથી વેચાતી મળશે.

	કિંમત.		
	રૂ.	આ.	પૈ.
ગુજરાતી બીજી ચોપડીના અર્થ(છપાયછે.)	૦	૨	૦
ગુજરાતી ત્રીજી ચોપડીના અર્થ...	૦	૨	૬
ગુજરાતી ચોથી ચોપડીના અર્થ...	૦	૩	૦
ગુજરાતી પાંચમી ચોપડીના અર્થ.........	૦	૩	૬
કોશન્ઝોમાંના દાખલાઓ કૂંચી સહિત ...	૦	૬	૦
સવિતા કૃત કવિતા ભાગ ૧ લો.........	૦	૫	૦
સવિતા કૃત કવિતા ભાગ ૨ જો.........	૦	૩	૦
નાગદંમણ તથા દાણ લીલા....	૦	૨	૦